*Shree Kundkund-Kahan Parmarthik Trust*
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**





# આત્મધર્મ

**જે જીવ કેવળ વ્યવહારની જ શ્રદ્ધા કરે છે તેને માટે ઉપદેશ નથી**


अबुधस्य बोधनार्थं मुनीश्वरा देशयन्त्यभूतार्थम्।
व्यवहारमेव केवलमवैति यस्तस्य देशना नास्ति।।६।।

**ગ્રન્થ કરનાર આચાર્ય અજ્ઞાની જીવોને જ્ઞાન ઉત્પન્ન કરવા માટે વ્યવહારનયનો ઉપદેશ કરે છે અને જે જીવ કેવળ વ્યવહારનયને જ જાણે છે તેને-તે મિથ્યાદ્રષ્ટિ માટે ઉપદેશ નથી.** [ શ્રી પુરુષાર્થસિદ્ધિઉપાય ]





તંત્રી : **શ્રી પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર**
વીર સં. ૨૫૦૩, જેઠ ( લવાજમ છ રૂપિયા ) વર્ષ ૩૪ : અંક ૮ **( ૪૦૪ )**



પ્રસિદ્ધ ઉદ્યોગપતિ તથા દિ. જૈનસમાજના પ્રમુખ નેતા શ્રી શાહૂ શાંતિપ્રસાદજી જૈન તથા શ્રી પન્નાલાલજી ગંગવાલ તા. ૨૪-૫-૭૭ ના રોજ સોનગઢમાં પૂજ્ય ગુરુદેવશ્રીની અધ્યાત્મરસભર અમૃતવાણીનો લાભ લઈને તેઓશ્રીના આશીર્વાદ લઈ રહ્યા છે.

વાર્ષિક
લવાજમ
છ રૂપિયા
વર્ષ ૩૪
અંક ૮




વીર સં.
૨૫૦૩
: જેઠ:
A. D. 1977
JUN.

# અમૃત-કલશથી આત્માનો અભિષેક

શ્રુત-પંચમીના આનંદદાયી પવિત્ર દિવસે, પંડિતપ્રવર શ્રી રાજમલ્લજીકૃત શ્રી સમયસાર-કલશ ટીકા ઉપર ઘણા જ હર્ષોલ્લાસ ભર્યા વાતાવરણમાં પૂ. ગુરુદેવશ્રીએ સોનગઢ સભામાં પ્રવચનની મંગલ શરૂઆત કરતાં કહ્યું કે જગતમાં સાર કોણ? – કે નિજ શુદ્ધ જીવવસ્તુ તે સાર છે, તે જ હિતકારી છે અને તેને જાણતાં પર્યાયમાં જ્ઞાન તથા સુખ પ્રગટે છે કેમ કે શુદ્ધ જીવવસ્તુમાં જ્ઞાન અને સુખ છે અને તેથી જ તે સારરૂપ હોવાથી નમસ્કાર યોગ્ય છે, આદરવા યોગ્ય છે.

[ શ્રી સમયસાર-કલશ-ટીકા, કલશ-૧, પૂ ગુરુદેવના પ્રવચન-આધારે તા. ૨૩-૫-૭૭ ]

આ જગતમાં હિતકારી કોણ ?-કે જેને જાણતા જાણનારને જ્ઞાન તથા સુખ થાય એવી શુદ્ધ જીવવસ્તુ તે હિતકારી છે, તે ઇષ્ટદેવ છે ને નમસ્કાર કરવા યોગ્ય છે-એમ માંગલિક કરતાં શ્રી અમૃતચંદ્રાચાર્ય દેવ કહે છે કે :

नमः समयसाराय स्वानुभूत्या चकासते।
चित्स्वभावाय भावाय सर्वभावान्तरच्छिदे ।१।।

જગતમાં જે કોઈ પદાર્થ છે તેનું સત્ત્વપણું હોય છે, હોવાપણું હોય છે, હોવાપણા વિનાનો પદાર્થ હોય નહીં. પદાર્થ તેને કહીયે કે જેમાં વસ્તુનો સ્વભાવ હોય. ચેતનપદાર્થનો સ્વભાવ શું ?–કે જ્ઞાનચેતના જ તેનો સ્વભાવ છે. ભગવાન આત્મા 'भावाय' – ભાવવાળી વસ્તુ છે. વસ્તુ છે તેથી તેનો ગુણ શું ?–કે 'चित्स्वभावाय'–જ્ઞાન તેનો ગુણ છે.

ભગવાન આત્મા ચૈતન્યસ્વભાવ છે, તે આત્માનું સર્વસ્વ છે, પુણ્ય–પાપના ભાવ આત્માનું સર્વસ્વ નથી. જેનો સ્વભાવ ચૈતન્ય છે અને ચૈતન્ય જેનું સર્વસ્વ છે એવો જે આત્મા તેને મારા નમસ્કાર એટલે કે જગતમાં ચેતન અને અચેતન બે પદાર્થ છે તેમાં ચેતન પદાર્થ નમસ્કાર કરવા લાયક છે.

આત્મા ચૈતન્યસ્વભાવ છે એમ ભેદ પાડીને કહ્યું પણ વસ્તુમાં ભેદ નથી, કેમ કે વસ્તુનો ગુણ વસ્તુમાં ગર્ભિત છે. આત્મપદાર્થ અને ચૈતન્યગુણ એક જ વસ્તુ છે, એક જ સત્ત્વ છે તોપણ ભેદ પાડીને સમજાવાય છે કેમ કે બીજો ઉપાય નથી. સાકર ને ગળપણ એક જ ચીજ છે તોપણ ગળપણ દ્વારા સાકર સમજાવાય છે તેમ ભગવાન આત્મા અને ચૈતન્યગુણ એક જ વસ્તુ છે તોપણ ચૈતન્ય દ્વારા આ આત્મા એમ સમજાવાય છે. જાણન....જાણન સ્વભાવ તે આત્મા એમ ભેદ પાડયા વિના–વિશેષ વિના વસ્તુ સમજાવી શકાતી નથી ને સમજી શકાતી નથી. વસ્તુમાં જ્ઞાન, આનંદ આદિ ભર્યા પડયા છે પણ તેને સમજાવવા ને સમજવા આનંદ તે આત્મા, જ્ઞાન તે આત્મા–એમ વિશેષણ વડે ઓળખાવાય છે, કેમ કે વિશેષ વિના વસ્તુનું જ્ઞાન થતું નથી. પરંતુ ભેદનો આશ્રયે લેવો કે નહીં એ અહીં વાત નથી. અહીં તો આ આત્મા છે તે શરીર–વાણી–મન, પૈસા–પુત્ર આદિ તેમજ પુણ્ય–પાપના વિકારીભાવ તે આત્માનું વિશેષણ નથી, તે દ્વારા આત્માને ઓળખાવી શકાતો નથી એમ કહેવું છે. આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે એમ ભેદ પાડીને–વિશેષણથી સમજાવતાં જ્ઞાનસ્વરૂપી આત્માનું જ્ઞાન થાય પરંતુ વ્રત–તપ આદિ આત્માના વિશેષણો નથી તેથી તેના વડે આત્માનું જ્ઞાન થતું નથી.

જ્ઞાન તે આત્મા–એટલા બહિર્લક્ષી જ્ઞાન વિના આત્માને સમજવાનો બીજો ઉપાય નથી, ભલે તે આશ્રય કરવા લાયક નથી, પણ આવ્યા વિના રહેતો નથી. આ આત્માને બીજાથી જુદો પાડીને જાણવા–જણાવવો શી રીતે ? તેથી 'જ્ઞાન તે આત્મા' એટલો ભેદ પાડયા વિના–આવા વિશેષણ વિના બીજો કોઈ ઉપાય નથી. ગમે તેટલો

બુદ્ધિવાળો હોય તોપણ વિશેષણ વિના જાણવાનો બીજો કોઈ ઉપાય નથી. ભલે હજુ અનુભવની વાત પછી રહી, પણ 'આ આત્મા છે' એટલું જાણવા માટે એટલા વિશેષણ વિના પરથી જુદો આત્મા છે તેને જાણી શકાય નહીં.

હવે ભાવ કેવો છે તેનું વિશેષ સ્પષ્ટીકરણ કરે છે. જીવાદિ સકલ પદાર્થને સમય કહેવાય છે. તીર્થંકરદેવે જાતિ અપેક્ષાએ છ–દ્રવ્યોને જોયા છે ને સંખ્યા અપેક્ષાએ અનંત દ્રવ્યો જોયા છે તેને સમય કહેવામાં આવે છે. તેમાં એટલે કે છ–પદાર્થમાં સાર કોણ ?–કે જીવસ્તુ તે સાર છે, તે સિવાય પાંચ દ્રવ્યો સાર નથી, આદરણીય નથી, ઉપાદેય નથી, પરંતુ અંદરમાં ભગવાન છે તે આદરણીય છે, ઉપાદેય છે–એમ જેણે જ્ઞાનસ્વરૂપ ભગવાનને આદર્યો છે તેને સમ્યગ્દર્શન થયા વિના રહે નહીં અને તેનું નામ જ ધર્મ છે. જડ અને ચૈતન્ય બેમાં ચૈતન્યમાં જે તારો નિજ ભગવાન આત્મા છે તે ઉપાદેય ને નમસ્કાર કરવા યોગ્ય છે. પૂર્ણાનંદના નાથ ભગવાન આત્માનું જેવું સત્ સ્વરૂપ છે એવું સત્‌દર્શન કરે ત્યારે તેનો આદર થાય.

હવે કોઈ વિતર્ક કરે કે બધા જ પદાર્થ પોતેપોતાના ગુણ–પર્યાયે બિરાજમાન છે. જડ અને ચેતન પોતાના કાયમી ગુણો અને પલટતી પર્યાયોથી બિરાજમાન છે, સ્વાધીન છે. પરમાણુ પણ પોતાના દ્રવ્ય–ગુણથી સ્વતંત્ર છે, તેને બીજો પદાર્થ કાંઈ કરે એવું નથી, બધા સ્વાધીન છે, પોતાની શક્તિ ને દશાથી બિરાજમાન છે. પ્રત્યેક પદાર્થની પર્યાય પોતાથી સ્વાધીનપણે થાય છે. કોઈ કોઈને આધીન નથી. કર્મ આત્માને આધીન નથી ને આત્મા કર્મને આધીન નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું સર્વથા કાંઈ કરી શકતો નથી. એ રીતે પ્રત્યેક પદાર્થ પોતાપોતાના ગુણ–પર્યાયે બિરાજમાન છે ને સ્વાધીન છે તો પછી જીવપદાર્થને સારપણું કેમ ઘટે ? પ્રશ્નકારે એટલું તો પકડયું છે કે બધાય પદાર્થ સ્વાધીન છે, પોતપોતાની શક્તિને પર્યાયથી ટકીને બદલી રહ્યા છે; તેથી પૂછે છે કે તો પછી બીજા બધા પદાર્થમાંથી જીવને જ સારપણું કેમ ઘટે ?

તેનું સમાધાન કરાવતા કહે છે કે જીવ શુદ્ધ ચૈતન્યઘન છે ને તેની અનુભૂતિ કરતાં પર્યાયમાં અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય છે માટે તે સાર છે. શુદ્ધ ચૈતન્યઘનનો અનુભવ કરતાં અતીન્દ્રિય સુખ થાય છે માટે તે સાર છે. રાગ, નિમિત્ત અને એક સમયની પર્યાયથી વિમુખ થઈને સ્વ–સન્મુખ થઈ સ્વાનુભૂતિ કરતાં પર્યાયમાં અતીન્દ્રિય આનંદ આવે છે માટે શુદ્ધ ચેતન પદાર્થ સાર છે. ભગવાન આત્માની એટલે કે કેવળી પરમેશ્વરે દેખ્યો ને કહ્યો તેવા આત્માની દ્રષ્ટિ થઈ, સ્વાનુભૂતિ

થઈ તે નિરાકુળ લક્ષણ શુદ્ધાત્મપરિણમનરૂપ અતીન્દ્રિય સુખ હોવાથી આત્મા સાર છે.

સારપણું આત્માને કેમ કહ્યું ? કે આત્મા અતીન્દ્રિય સુખરૂપ છે ને તેની પર્યાયમાં કબૂલાત કરે છે ત્યારે પર્યાયમાં અતીન્દ્રિય આનંદ આવે છે માટે ચેતનપદાર્થને સારપણું ઘટે છે.

હવે કહે છે કે ત્રિકાળી પૂર્ણ વસ્તુનો અનુભવ કરીને પર્યાયમાં પૂર્ણ થયા છે એવા સર્વજ્ઞ પરમાત્માને મારા નમસ્કાર–એમ કહીને શ્રી રાજમલ્લજી માંગલિક કરે છે. આ તો પરમ માંગલિક છે, આવી વાત સાંભળવી મળે તે પણ ભાગ્યશાળી છે, સમજે તેની તો શું વાત !

શુદ્ધ આત્મા અને તેનો નિર્વિકલ્પ અનુભવ તે સાર છે, તે હિતકારી છે, તે સિવાય અહિતકારી ને અસાર છે. સુખ હિતકારી છે અને દુઃખ અહિતકારી છે. હિતકારી કોણ ?–કે જેને જાણતા સુખ ને જ્ઞાન થાય તે હિતકારી છે. શુદ્ધ આત્મા સિવાય પાંચ અજીવ પદાર્થોને સુખ નથી અને સંસારી જીવોને પણ સુખ નથી તથા અજીવ પદાર્થોને જ્ઞાન નથી અને સંસારી જીવોને પણ જ્ઞાન નથી તેથી તેમનું સ્વરૂપ જાણનારને સુખ નથી કે જ્ઞાન પણ નથી માટે તેઓ હિતકારી નથી. વિજ્ઞાનની વિચિત્રતા જાણનારને જ્ઞાન નથી અને સુખ પણ નથી. માટે તે સઘળાયમાં સારપણું ઘટતું નથી.

તો સારપણું કોને ઘટે છે ?–કે શુદ્ધ જીવને સારપણું છે કેમ કે શુદ્ધ જીવમાં જ્ઞાન ને સુખ છે તેથી તેને જાણનારને જ્ઞાન ને સુખ છે. ભગવાન આત્મા શુદ્ધ ત્રિકાળી પરમેશ્વરસ્વરૂપમાં જ્ઞાન પણ છે અને સુખ પણ છે તથા તેને જાણનારને જ્ઞાન ને સુખ છે માટે સમસ્ત પદાર્થોમાં એક માત્ર શુદ્ધ જીવને સારપણું ઘટે છે.

જેમાં અતીન્દ્રિય જ્ઞાન ને આનંદ હોય તેનો અનુભવ કરતાં જ્ઞાન ને આનંદ થાય તેને સારપણું ઘટે; ભગવાન આત્મા અતીન્દ્રિય જ્ઞાન ને આનંદથી ભરપૂર છે, તેને જાણતાં જ્ઞાનને આનંદ થાય છે અને અલ્પકાળમાં મોક્ષ થાય છે માટે તે એક સાર છે, હિતકારી છે, આદરણીય છે ને નમસ્કાર કરવા લાયક છે.

એ રીતે સારમાં સાર શું છે તે સમજાવ્યું કે બીજા દ્રવ્યો તો સાર નથી, પુણ્ય–પાપના વિકલ્પો પણ સાર નથી ને એક સમયની પર્યાય પણ સાર નથી, પરંતુ જેને જાણતાં સુખ અને જ્ઞાન થાય છે એવો શુદ્ધ ધ્રુવ ચૈતન્યપદાર્થ એક જ આ જગતમાં સાર છે–એમ અમૃતકલશથી આત્માના અભિષેકનું માંગલિક કર્યું છે.

## આત્મજ્ઞાનના અભાવમાં
## જિનવરે કહેલો વ્યવહારચારિત્ર : બંધનું કારણ

અભવ્ય જીવના દ્રષ્ટાંતે આચાર્યદેવ સમજાવે છે કે નિશ્ચય જ્ઞાન–શ્રદ્ધાનથી શૂન્ય ભવી જીવ પણ જિનવરે કહેલાં શીલ, તપ આદિરૂપ વ્યવહારચારિત્રને પરિપૂર્ણપણે પાળે તોપણ તેનાથી આત્મહિત સાધી શકાતું નથી પરંતુ તે બંધનું કારણ છે. પ્રભુ! એવું તો તેં અનંતી–વાર પાળ્યું છે છતાં ભવનો અંત ન આવ્યો, માટે અબંધ સ્વરૂપ આત્માના જ્ઞાન–શ્રદ્ધાન કર તો તારા ભવનો અંત આવશે.

**[ તા. ૨૧-૩-૭૭, શ્રી સમયસાર શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવના પ્રવચનમાંથી ]**

**હવે પૂછે છે કે અભવ્ય જીવ વ્યવહારનયનો કઈ રીતે આશ્રય કરે છે? ભવ્ય જીવ તો અનંતવાર વ્યવહારનયનો આશ્રય કરે છે પણ અભવ્ય જીવ કઈ રીતે આશ્રય કરે છે કે તેને ધર્મ થતો નથી. આચાર્યમહારાજ તે વાત અહીં સમજાવે છે.**

**જિનવરકહેલાં વ્રત, સમિતિ, ગુપ્તિ વળી તપ-શીલને**
**કરતાં છતાંય અભવ્ય જીવ અજ્ઞાની મિથ્યાદ્રષ્ટિ છે. ૨૭૩.**

અભવી જીવ કોઈ દિવસ ધર્મ ન પામે, તે જીવ પણ જિનવરે કહેલાં વ્રત, તપ પાળે છે. અજ્ઞાનીએ કહેલાં વ્રત, તપાદિની તો અહીં વાત જ નથી, પરંતુ સર્વજ્ઞદેવે જે વ્યવહાર વ્રત, તપાદિ કહ્યાં તેને અભવી જીવ પરિપૂર્ણ પાળે છે.

અહીં અભવી જીવનું દ્રષ્ટાંત આપ્યું છે. વ્યવહારનય ત્યાજ્ય કેમ છે ને નિશ્ચયનય આશ્રય કરવા લાયક કેમ છે?–કે વ્યવહારનયમાં રાગનો આશ્રય છે અને નિશ્ચયનયમાં આત્માનો આશ્રય છે, તે વાત અહીં કહે છે.

શીલ–રાગની મંદતાનું આચરણ, શુભરાગનું આચરણ પરિપૂર્ણ પાળે છે છતાં તે મિથ્યાદ્રષ્ટિ છે. તપ પરિપૂર્ણ પાળે છે, પાણી વિનાના છ છ માસતા અનશન કરે છે છતાં

તે મિથ્યાદ્રષ્ટિ છે. ત્રિલોકનાથ જિનવરદેવે જે વ્યવહાર કહ્યો તે વ્યવહાર પરિપૂર્ણ કરે છે, અનશન તપ પરિપૂર્ણ કરે છે. ઉણોદરી–એક કવળ લે ને બાકીના કવળ છોડી દે–એવું અભવીએ સમ્યગ્દર્શન વિના અનંતી વાર કર્યું; કાયક્લેશ કરે, છ છ માસ સુધી ઊભા રહેવાની ક્રિયા કરે પણ એ બધું બંધનું કારણ છે, વ્યવહાર છે. જિનવરે કહેલો વ્યવહાર બંધનું કારણ છે. જેણે આત્માનો આશ્રય લીધો નથી ને તે વિનાની આ બધી ક્રિયા કરે તે સંસાર છે. રસનો પરિત્યાગ કરે, ગોળ, મીઠું, સાકર, દૂધ, દહીં આદિનો ત્યાગ કરે છતાં તે રાગની મંદતા છે, તેને આત્મરસ આવ્યો નથી. ભગવાન આનંદરસ પ્રભુ એ તેને જાગ્યો નથી અને બહારના રસનો ત્યાગ કરે, વ્રત–તપાદિ કરે તે બંધનું કારણ છે.

પાંચ ઇન્દ્રિયનું દમન કરે, નિગ્રહ કરે, આકરા પ્રાયશ્ચિત લે પણ તે બધો ભાવ શુભ છે, ધર્મ નથી. સર્વજ્ઞદેવ અને તેમના કહેલાં શાસ્ત્રોનો કે મહાસંત મુનિઓનો બહુ વિનય રહે છતાં તે બધો શુભરાગ છે; નિજ ભગવાનના આદર–સત્કાર વિનાનો દેવ –શાસ્ત્ર–ગુરુનો વિનય અનંતવાર કર્યો પણ ધર્મ પામ્યો નહીં.

વીતરાગી આજ્ઞા પ્રમાણે પ્રાયશ્ચિત વિનય આદિ કરે છે, સર્વજ્ઞના કહેલાં દેવ –શાસ્ત્ર ગુરુ અને તેમના કહેલાં જ વિનય આદિ વ્યવહારને સાવધાની પૂર્વક અભવી કરે છે છતાં કોઈ કાળે પણ ધર્મ પામતો નથી. ભગવાનની મૂર્તિ દેખીને ખૂબ ભક્તિ–પૂજા આદિ કરે પણ તે પરદ્રવ્યના આશ્રયનો રાગ છે. સાચા ગુરુની વૈયાવૃત્ત કરે, અભવી પણ સાચા ગુરુની વૈયાવૃત્ત અનંતવાર કરે પણ તે કાંઈ ધર્મ નથી. બહુ આકરી વાત છે, પચાવવી બહુ અઘરી છે. શાસ્ત્રની સ્વાધ્યાય કરે, આખો દિવસ વાંચન કરે પણ તે શુભરાગ છે, વિકલ્પ છે. શાસ્ત્રની સ્વાધ્યાય કરે, હજારો શ્લોક કંઠસ્થ કરે ને પાણીના પૂરની પેઠે ભાષણ કરે પણ તેથી કાંઈ ધર્મ થતો નથી. આ શેની વાત ચાલે છે?–કે ભગવાને કહેલાં બાર પ્રકારના વ્યવહાર–તપ પરિપૂર્ણપણે પાળે છતાં તે ધર્મ નથી.

કુંદકુંદ–આચાર્ય મહારાજ અને અમૃતચંદ્રાચાર્ય મહારાજ કહે છે કે ત્રિલોકનાથે કહેલો વિનય તે વ્યવહાર છે, શુભરાગ છે. પરદ્રવ્યાશ્રિત જેટલો ભાવ છે તે વ્યવહાર છે. આ સૂક્ષ્મ વાત છે. સમ્યગ્દર્શન શું ચીજ છે અને તેનું શું મહાત્મ્ય છે તેની લોકોને ખબર નથી. આત્મા આનંદનો નાથ એક જ્ઞાયકસ્વભાવી પ્રભુ તેનો આશ્રય કરે નહીં અને જિનવરે કહેલાં વ્રત–તપાદિ કરે પણ તે બંધનું કારણ છે.

વિકલ્પવાળું ધ્યાન અનંતવાર કર્યું, ભવીએ અને અભવીએ અનંતવાર કર્યું. વિકલ્પમાં ઊભો રહીને જિનવરે કહેલાં વ્યવહાર ધ્યાનને પરિપૂર્ણ કરે છે. મહિનો મહિનો કાર્યોત્સર્ગ પણ કરે, પણ તે બધી ક્રિયાઓ પરાશ્રિત રાગની છે; નિશ્ચય કાયોત્સર્ગ તો આનંદ સ્વરૂપ

ભગવાન આત્મામાં સમ્યગ્દર્શન પૂર્વક સ્થિર થવું તે છે; તેના વિના જિનવરે કહેલો વ્યવહાર કાયોત્સર્ગ અભવીએ અનંતવાર કર્યો છે.

**પ્રશ્ન:**- વ્યવહાર કાયોત્સર્ગની મદદ વિના નિશ્ચય-કાયોત્સર્ગ થાય?

**ઉત્તર:**- ખોટા કાયોત્સર્ગથી સાચો કાયોત્સર્ગ કેમ થાય? ન જ થાય, તેની તો અહીં વાત ચાલે છે. દિગંબર નગ્ન મુનિ થઈને આ બધી વ્યવહારની ક્રિયા અનંતવાર કરી પણ આત્મા આનંદનો નાથ છે તેનો સ્વાદ લીધો નથી. વ્યવહાર શીલ ને તપ અભવીએ અનંતવાર પરિપૂર્ણ પાળ્યા પણ ધર્મ ન થયો.

મન-વચન-કાયાને ગોપવે પણ તેમાં ધર્મ નથી. અશુભને ગોપવે ને શુભને સાવધાન-પણે આચરે અને તે પણ જિનવરદેવે કહ્યું છે તેવું આચરે છતાં પણ તે ધર્મ નથી. પ્રભુ! માર્ગ તો આવો છે. અહોહો! આચાર્યે ગજબ કામ કર્યું છે, સિદ્ધાંતમાં સર્વજ્ઞનો માર્ગ શું છે તે સ્પષ્ટ કરી નાખ્યું છે. માર્ગ અલૌકિક છે અને એ માર્ગ વિના જનમ-મરણના અંત આવી શકે તેમ નથી.

વ્રત, તપ, બ્રહ્મચર્ય પાળ્યા પણ આત્મજ્ઞાન વિના બધું શૂન્ય છે. જ્યાં આત્મ-જ્ઞાનનું આનંદનું વેદન નથી ત્યાં સમિતિ-ગુપ્તિ પાળે પણ તે બધું દુઃખ છે; શુભ રાગ છે ને! -તે દુઃખ છે અને દુઃખ છે તે ધર્મ નથી. વિકલ્પથી પાર, તેનાથી ભિન્ન પડીને આત્માનો આશ્રય લઈને જે નિર્મળ દશા પ્રગટ થાય તેને જિનવરદેવ ધર્મ કહે છે. આ તારા હિતની વાત છે, અહિતના પંથે તો અનંતવાર ગયો છે, હવે આ હિતના પંથે વળ.

પાંચ સમિતિમાં સાવધાન રહ્યો પણ ધર્મ ન પામ્યો. ઈર્યાસમિતિ કે જોઈને ચાલે, કોઈ પ્રાણીને દુઃખ ન થાય એવી ઈર્યાસમિતિમાં સાવધાનપણે રહેનારા અભવીને છકાયની દયાના ભાવ છે, તેમાં સાવધાન છે છતાં ધર્મ નથી, બંધ છે.

જિનવરે કહેલો નિશ્ચય અભવીને નથી પણ જિનવરે કહેલો વ્યવહાર પરિપૂર્ણ છે, ઈર્યાસમિતિમાં સાવધાન છે, બોલવામાં પણ બરાબર સાવધાની છે. ભાષાસમિતિની સાવધાની તે શુભરાગ છે, એવી ભાષાસમિતિની સાવધાની અભવીએ ને ભવીએ અનંતવાર કરી પણ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન વિના બધું વ્યર્થ છે. ભીક્ષા માટે જાય ને પોતાના માટે કરેલો આહાર પ્રાણ જાય તોપણ ન લ્યે-એવી એષણાસમિતિ સાવધાનપણે પાળે. અરે! દરેક જીવે એવી એષણાસમિતિ અનંતવાર પાળી પણ તે રાગ છે, તેમાં ધર્મ નથી. તે પરાશ્રિત ભાવ છે, તે અનંતવાર કર્યું છે પણ ભગવાન આનંદનો નાથ છે તેનો કદી આશ્રય કર્યો નથી.

મુનિને વસ્ત્ર પાત્ર તો હોય નહીં પણ તેમને આહાર-પાણી હોય છે છતાં ઉદ્દેશીક

આહાર લેતાં નથી –એવી એષણાસમિતિ અનંતવાર કરી છે, પરંતુ સમ્યગ્દર્શન પામવા તે કાંઇ કારણ નથી. કેમ કે પરદ્રવ્યના આશ્રયનો વ્યવહાર છે, તેમાં સ્વદ્રવ્યનો આશ્રય ક્યાંથી આવે ? માટે આવું અનંતવાર પાળ્યું તોયે એકેય ભવ ઘટયો નથી.

કોઈ પણ વસ્તુને લેવા–મૂકવામાં જરીયે પ્રમાદ નહીં–એવી આદાન–નિક્ષેપ સમિતિ સાવધાનીથી પાળે, ભગવાને કહેલી વ્યવહારસમિતિ બરાબર પાળે, મોરપીંછી ને કમંડળ સાવધાની પૂર્વક લ્યે–મૂકે પણ તે શુભરાગ છે. આત્માના ભાન વિના આવો વ્યવહાર અનંત–વાર કર્યો પણ તેનાથી કાંઈ ધર્મ થયો નહીં, તે બધી ક્રિયાઓ શુભની છે. પાંચ સમિતિમાં સાવધાની પાળે છતાંયે તે વ્યવહાર છે, શુભરાગ છે પણ ધર્મ નથી.

અહિંસા, સત્ય–આદિ પાંચ મહાવ્રત પાળે પણ તે વ્યવહારચારિત્ર પુણ્યબંધનું કારણ છે. જેને કોઈ દિ’ ભવ ઘટવાના નથી એવો અભવી અનંતવાર વ્યવહારચારિત્ર પાળે છતાં તેનું કલ્યાણ થતું નથી. આ બધી ક્રિયાઓ તે અણાત્મા છે. પંચ–મહાવ્રતની ક્રિયા તે અણાત્મા છે, આત્મા નથી.

જિનવરદેવનો આ પોકાર છે કે જેનો એક પણ ભવ ઘટતો નથી એવો અભવી જીવ પણ આવું અનંતવાર કરે છે છતાં ધર્મ પામતો નથી અને તું કહે છે કે આ વ્યવહારથી ધર્મ થાય, પણ એ કેમ બને ? અભવીપણે વ્રત, તપ, શીલ, સમિતિ, ગુપ્તિ ને મહાવ્રત આદિ પાળવા છતાં તે વ્યવહાર–ચારિત્ર છે, વિકલ્પ છે, રાગ છે; આવું પાળવા છતાં તે નિશ્ચય–ચારિત્ર રહિત છે, અજ્ઞાની છે, મિથ્યાદ્રષ્ટિ જ છે. કેમ કે તે નિશ્ચય–ચારિત્રના કારણરૂપ આત્માના અનુભવથી રહિત છે આત્માના શ્રદ્ધા–જ્ઞાનથી તે વ્યવહાર–ચારિત્ર શૂન્ય હોવાથી વ્યવહાર નિષેધવા લાયક છે.

અભવી પાંચ સમિતિ, ગુપ્તિ, મહાવ્રત આદિ પાળે છે પણ તે દુઃખરૂપ છે. આત્માના સ્વભાવના આશ્રયના સદ્ભાવ વિના બધું દુઃખરૂપ છે. દુઃખરૂપ છે તેની સાબિતી શું ?–કે અતીન્દ્રિય આનંદનો અભાવ છે ત્યાં દુઃખ છે. ભગવાને કહેલો વ્યવહાર પાળે છે પણ તે દુઃખ છે કેમ કે પર્યાયમાં અતીન્દ્રિય આનંદના સદ્ભાવનો અભાવ તે દુઃખની સિદ્ધિ છે.

વ્યવહારચારિત્ર પોતે દુઃખરૂપ છે તે આત્માના સમ્યગ્દર્શનના સ્વાદ માટે કારણ થાય તે કેમ બને ? વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થાય એ વાત ક્યાં રહી ? દુઃખ કરતાં કરતાં સુખ થાય તેના જેવી આ વાત છે કે વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થાય. અહીં એ જ કે છે કે ભગવાને કહેલો વ્યવહાર અભવી ને ભવી અનંતવાર પાળે છે પણ તે વ્યવહાર છે અને વ્યવહારનો આશ્રય તે બંધ છે. વીતરાગે કહેલા મહાવ્રતાદિ પાળે છે પણ તે દશાની

દિશા પર તરફની છે, સમ્યગ્દર્શનની દશાની દિશા સ્વ તરફની છે. બંનેની દશામાં અને દિશામાં ફેર છે તો વ્યવહારથી નિશ્ચય કેમ થાય ?

વ્યવહારવાળાને પર્યાયમાં વસ્તુ પ્રાપ્ત થઈ નથી, જ્ઞાનની પર્યાયમાં વસ્તુની ઉપલબ્ધિ થવી જોવે તે થઈ નથી તેથી વ્યવહાર તે બંધનું કારણ છે. ભાઈ! તને ખબર નથી. પ્રભુ! તું જ્ઞાનસ્વરૂપ જ્ઞાયક છો. અનંતા નિગોદના જીવોને, એકેન્દ્રિય જીવોને ન મારવાના વિકલ્પોનો વ્યવહાર કે જે જિનવરે કહ્યો છે તેવો છ–જીવ–નિકાયની દયાનો વ્યવહાર સાવધાનીથી કરે છે પણ તે બધો પરાશ્રિત વ્યવહાર છે, તેમાં ભગવાન નથી આવતો, જેની પર્યાયમાં પર્યાયવાન પ્રાપ્ત થયો નથી તેને આ બધું બંધનું કારણ છે. ત્રણલોકનો નાથ જેના જ્ઞાનમાં આવ્યો નથી ને રાગાદિ આવ્યા છે તે બધું સંસારનું કારણ છે.

સર્વજ્ઞ જિનેશ્વરદેવની વ્યવહારની આજ્ઞા છે તે બીજા કરતાં જુદી જ છે, સર્વોત્કૃષ્ટ છે. ગાથામાં 'જિનવરે કહેલો' શબ્દ વાપર્યો છે, ટીકામાં જિનવર શબ્દ નહીં વાપરતાં શીલ અને તપ પરિપૂર્ણ–એમ કહ્યું, કેમ કે જિનવરની વાણીમાં જ પરિપૂર્ણતા હોય છે. અહીં એ સિદ્ધ કરે છે કે જિનવરે કહેલો વ્યવહાર પોતે જ સમ્યક્ત્વસ્વરૂપ નથી અને તે સમ્યક્ત્વનું કારણ નથી. જ્ઞાયક ભગવાન પોતે જ સમ્યક્ત્વનું કારણ છે. તેથી સ્વના જ્ઞાન ને સ્વની શ્રદ્ધા વિના જિનવરે કહેલો વ્યવહાર પાળે તોપણ તે સંસારનું કારણ છે. આઠે કર્મ દુઃખનું ફળ આપનારા છે. વ્યવહારચારિત્રથી જે શાતા–પુણ્ય બંધાય તે દુઃખનું ફળ આપનારા છે તેથી વ્યવહારચારિત્ર દુઃખરૂપ છે અને તે દુઃખના ફળનું કારણ છે. આવી વીતરાગની વાત છે! પ્રભુ! તું કોણ છો ને ક્યાં રખડયો છો ?–તેની તને ખબર નથી.

વર્તમાનમાં પરમાત્મસ્વરૂપ છે, તેના જ્ઞાન તેની શ્રદ્ધા વિના વ્યવહારચારિત્ર સમ્યક્ચારિત્ર નામ પામતું નથી. એષણા સમિતિના વ્યવહારમાં જેને સાવધાની છે પણ પ્રભુ! તે પરના આશ્રયવાળો વ્યવહાર છે તેથી તે બંધનું કારણ છે. ભગવાન અબદ્ધસ્પૃષ્ટ એવો આત્મા તેનો આશ્રય તે અબંધ પરિણામ છે, તેના વિના બંધ પરિણામવાળો જીવ જિનવરે કહેલો વ્યવહાર પાળે તોપણ તે અબંધનું–મોક્ષનું કારણ નથી પણ બંધનું કારણ છે. જ્ઞાયકસ્વરૂપ આત્માની જ્ઞાનમાં પ્રાપ્તિ વિના, શ્રદ્ધામાં તેની પ્રતીતિ વિના ભગવાને કહેલો વ્યવહાર પાળે તોપણ તે સમ્યક્ચારિત્ર નામ પામતું નથી પણ તે મિથ્યાચારિત્ર છે.

## શાસ્ત્ર-ભણતરનો ગુણ
## જ્ઞાનની પર્યાયમાં જ્ઞાતાને જાણ

જેમાં વ્યવહાર શ્રુતજ્ઞાનનો પણ અભાવ છે એવા ચૈતન્ય-પ્રકાશના પુંજથી પરિપૂર્ણ જ્ઞાનસ્વરૂપ આત્માના જ્ઞાનથી શૂન્ય અભવ્ય કે ભવ્ય જીવ જિનવરે કહેલાં આચારાંગાદિ અગિયાર અંગને કંઠસ્થ કરે છતાં તે મોક્ષને જ શ્રદ્ધતો નથી. કેમ કે મોક્ષમાં એકલો શુદ્ધ પરિપૂર્ણ આત્મા જ રહે છે અને અહીં પણ શુદ્ધજ્ઞાનમય મુક્તસ્વરૂપ આત્મા છે તેને તે શ્રદ્ધતો નથી. માટે પરલક્ષી જ્ઞાન નિષેધ્ય છે-એમ કહીને શાસ્ત્ર ભણવાનો જે ગુણ છે કે જ્ઞાતાને જ્ઞાનની પર્યાયમાં જાણવો-તે એક જ કરવા જેવું છે, આદરણીય ને ઉપાદેય છે-એમ કહ્યું છે.

[ શ્રી સમયસાર શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવના પ્રવચનના આધારે, તા. ૨૨-૩-૭૭ ]

હવે પૂછે છે કે અભવ્યને અગિયાર અંગનું જ્ઞાન તો હોય છે છતાં અજ્ઞાની કેમ કહ્યો? અજ્ઞાનીએ કહેલાં શાસ્ત્રના જ્ઞાનની તો વાત પણ નથી પરંતુ જિનેશ્વરદેવે કહેલાં બાર-અંગમાંથી અગિયાર અંગનું જ્ઞાન હોવા છતાં તેને અજ્ઞાની કેમ કહ્યો?

શિષ્યનો પ્રશ્ન એમ છે કે અજ્ઞાનીએ કહેલાં શાસ્ત્રોનું જ્ઞાન તે તો મિથ્યાજ્ઞાન છે જ પરંતુ જિનવર વીતરાગદેવ પ્રરૂપિત બાર-અંગમાંથી અગિયાર અંગનું જ્ઞાન હોવા છતાં અભવ્યને અજ્ઞાની કેમ રહ્યો? અગિયાર અંગમાં પ્રથમ અંગમાં ૧૮,૦૦૦ પદ અને એક પદમાં ૫૪,૦૦,૦૦,૦૦૦ જાજેરા શ્લોક હોય છે, બીજા અંગમાં તેના કરતાં બમણા પદ-એ રીતે બમણા કરતાં કરતાં અગિયાર અંગ થાય, તે અગિયાર અંગ અભવ્યને કંઠસ્થ હોય છતાં તે અજ્ઞાની કેમ? તેના ઉત્તરરૂપે આચાર્યદેવ આ ગાથા કહે છેઃ-

**મુક્તિ તણી શ્રદ્ધારહિત અભવ્ય જીવ શાસ્ત્રો ભણે,**
**પણ જ્ઞાનની શ્રદ્ધારહિતને પઠન એ નહિ ગુણ કરે. ૨૭૪.**

અહીં અભવ્યના દ્રષ્ટાંત દ્વારા એ વાત સિદ્ધ કરવી છે કે મિથ્યાદ્રષ્ટિ આટલો વ્યવહાર કરે – શાસ્ત્રજ્ઞાન કરે છતાં મોક્ષ થતો નથી.

જ્ઞાનનું પૂર્ણ સ્વરૂપ તે મોક્ષ છે, આત્માની પૂર્ણ દશાનો લાભ થવો તે મોક્ષ છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે તેથી જ્ઞાનની પરિપૂર્ણ દશાની પ્રાપ્તિ થવી તે મોક્ષ છે. તેથી જે જ્ઞાનને માનતો નથી તે મોક્ષને જ શ્રદ્ધતો નથી. જેમાં દયા–દાનના વિકલ્પ તો નથી પણ એક સમયની પર્યાયનો પણ અભાવ છે એવો શુદ્ધજ્ઞાનમન આત્મા પોતે છે. અભવ્ય જીવ અગિયાર અંગને જાણે છે પણ શુદ્ધજ્ઞાનમય નિજ આત્માના જ્ઞાનથી શૂન્ય હોવાથી તે મોક્ષને શ્રદ્ધતો નથી. જે જ્ઞાનની પર્યાયમાં આત્મા પ્રાપ્ત થયો નથી તે અગિયાર અંગનું ભણતર તે જ્ઞાન નથી, એ તો શબ્દનું જ્ઞાન છે.

જેમાં વ્યવહાર શ્રુતજ્ઞાનનો પણ અભાવ છે એવો ચૈતન્યપ્રકાશના પુંજથી પૂર્ણ જ્ઞાનસ્વરૂપ આત્માના જ્ઞાનથી શૂન્ય હોવાથી અભવી મોક્ષને જ શ્રદ્ધતો નથી. દેવ –શાસ્ત્ર–ગુરુનો વિનય પણ અનંતવાર કર્યો પણ એ તો પરદ્રવ્ય છે, તેનો વિનય એ તો રાગ છે. ગજબ વાત છે ને! કેવળી એમ કહે કે અમારા વિનયથી રાગ થશે, ધર્મ નહીં થાય. પોતાનો વિનય કરે તો ધર્મ થાય. પરદ્રવ્યના વિનયને અહીં બંધ–અધિકારમાં વર્ણવ્યો છે કેમ કે તે બંધમાં જાય છે.

મૂળ વાત એ છે કે વ્યવહાર ક્રિયાકાંડી અભવી જીવ મોક્ષને શ્રદ્ધતો નથી કેમ કે જેમાં શાસ્ત્રના ભણતરના ભાવનો પણ અભાવ છે એવા શુદ્ધજ્ઞાનમય આત્માના જ્ઞાનનો તેને અભાવ છે, ભગવાનના સમવસરણમાં ભગવાન સાક્ષાત્ બિરાજે છે ત્યાં જઈને અનંતીવાર ભક્તિ કરી પણ તે પરાશ્રિત વ્યવહાર છે માટે તેનો નિષેધ કર્યો છે. અહીં તો કહે છે કે અગિયાર–અંગનું જ્ઞાન છે તે વિકલ્પવાળું છે, તેમાં કહેલો આત્મા તેણે આદરણીય કર્યો નથી માટે તે અજ્ઞાની છે.

અભવી મોક્ષને કેમ શ્રદ્ધતો નથી? – કે મોક્ષમાં એકલો આત્મા જ રહે છે અને અહીં પણ શુદ્ધજ્ઞાનમય મુક્ત સ્વરૂપ આત્મા છે તેને તો માનતો નથી તેથી તે મોક્ષને માનતો નથી. જેની જ્ઞાનદશામાં જ્ઞાનસ્વરૂપી જ્ઞાયકનું જ્ઞાન નથી આવ્યું તે મોક્ષને નથી શ્રદ્ધતો તેથી તે જ્ઞાનને પણ નથી શ્રદ્ધતો. અને જે જ્ઞાનને નથી શ્રદ્ધતો તે વીતરાગના કહેલા આચારંગાદિ અગિયાર અંગને ભણવા છતાં અજ્ઞાની જ છે.

ભગવાનના કહેલા આચારાંગાદિ શાસ્ત્રો ભણવાનો ગુણ એટલે કે ફળ તો એ છે કે આત્માનો અનુભવ કરવો, પણ અભવીને એ ફળ તો આવ્યું નહીં એટલે કે અભવી અગિયાર અંગને ભણ્યો પણ તે ભણતરનું ફળ તો તેને આવ્યું નહીં તેથી તે ફળના અભાવને લીધે તે અજ્ઞાની છે.

જેમ ભક્તિ આદિ બંધનું કારણ છે તેમ શાસ્ત્રભણતર પુણ્યબંધુનં કારણ છે પણ તેમાંથી નીકળીને જ્ઞાયકનો અનુભવ કરવો તે મોક્ષનું કારણ છે. શાસ્ત્ર કહે છે શું? આચારાંગાદિમાં કહે છે શું?–કે આત્માનો અનુભવ કરવો. પરથી, રાગથી ભિન્નવસ્તુભૂત જ્ઞાનમય આત્માનું જ્ઞાન કરવુ તે શાસ્ત્ર ભણતરનો ગુણ છે પણ અભવીને તેનો અભાવ હોવાથી તે અજ્ઞાની છે. આત્મા શુદ્ધજ્ઞાનમય છે કે જે શાસ્ત્રજ્ઞાનના વિકલ્પથી પણ રહિત છે, એવા આત્માનું જેને જ્ઞાન નથી તે શાસ્ત્ર ભણ્યો પણ તેથી શું?

**પ્રશ્નઃ**- તો પછી અમારે શાસ્ત્ર ભણવા કે નહીં?

**સમાધાનઃ**- આત્માના લક્ષે શાસ્ત્ર ભણવા તેમ પ્રવચનસારમાં કહ્યું છે કેમ કે શાસ્ત્રનું કહેવું એમ છે કે ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ શાશ્વત આનંદની મૂર્તિ છે તેનું જ્ઞાન કરવું, અનુભવ કરવો. કરણાનુયોગ કે ચરણાનુયોગના ભણતરનો લાભ શું?–કે તે ચારેય અનુયોગ ભણવાનો ગુણ જે આત્માનો અનુભવ તે પ્રાપ્ત કરવો, તે શાસ્ત્ર ભણતરનો લાભ છે. એટલે કે આત્માનો અનુભવ કરવો તે શાસ્ત્ર–અભ્યાસનું તાત્પર્ય છે.

જિનવરના શાસ્ત્રોનું કહેવું છે કે તું શુદ્ધજ્ઞાનમય આત્મા છો તેને પકડ એટલે કે આત્મજ્ઞાન કર. પરનું જ્ઞાન નહીં, રાગનું જ્ઞાન નહીં, પર્યાયનું જ્ઞાન નહીં પણ આત્માનું જ્ઞાન કર–એમ શાસ્ત્રનું કહેવું છે. કરોડો કે અબજો શ્લોકો કંઠસ્થ કરે કે પાણીના પૂરની પેઠે ભાષણ કરે પણ તેથી શું? કેમ કે શાસ્ત્ર ભણતરનો ગુણ તો એ છે કે પ્રભુ! જ્ઞાનમય શાશ્વત પરિપૂર્ણ શુદ્ધ વસ્તુ છો તેનો અનુભવ કર. તે વિના અગિયાર અંગના જ્ઞાન કરે કે વ્યવહાર આચરણ કરે અને તેનાથી આત્મજ્ઞાન થશે એમ માનીશ તો તું દુઃખથી નહીં મુકાય. કેમ કે વ્યવહારથી આત્મજ્ઞાન થાય એમ શાસ્ત્રમાં કહ્યું નથી અને વ્યવહારથી થાય એવું વસ્તુનું સ્વરૂપ નથી, પોતાના વીતરાગી પરિણામ દ્વારા જણાય એવું પોતાનું સ્વરૂપ છે.

ભાઈ! આ સત્યના પંથની તને હા પણ ન આવે તો તું દુઃખી થઈશ, માર્ગ

તો આ છે. જો તને એમ લાગે કે વ્યવહારથી જણાશે કે નિમિત્તથી ભગવાન જણાશે તો તેમાં મહિમા તો નિમિત્ત ને વ્યવહારનો આવ્યો! બાપુ, તને તારી મોટપ ને મહિમાની ખબર નથી! અરેરે! જિંદગી ચાલી જાય છે, મરીને ક્યાં જશે? વંટોળીયામાં ઊડેલું તણખલું ક્યાં જઈને પડશે? તેમ તારી મિથ્યાશ્રદ્ધાને લઈને ક્યાં જઈને પડીશ? મરીને ક્યાં જઈશ? ભૂલ તો એક સમયની પર્યાયમાં છે અને ભગવાન તો ત્રિકાળી વસ્તુ મૌજુદ છે તેનો તને જ્ઞાનમાં મહિમા આવવો જોવે.

અહીં કહે છે કે શાસ્ત્રમાં કહેવું છે એ કે તું જ્ઞાનસ્વરૂપ પ્રભુ છો, અતીન્દ્રિય જ્ઞાનસ્વરૂપી છો તેનું જ્ઞાન કર. શાસ્ત્રમાં નિમિત્ત અને વ્યવહાર કહ્યો છે પણ તેનાથી આત્મજ્ઞાન થાય છે તેમ કહ્યું નથી. ઇન્દ્રો અને ગણધરો જે સાંભળતા હતા એ દિવ્યધ્વનિમાં એમ આવ્યું હતું કે અમારી વાણીથી જે જ્ઞાન થાય તેનાથી તારું જ્ઞાન –આત્મજ્ઞાન નહીં થાય. રાગથી નિમિત્તથી કે પરથી ન જણાય પણ તારા સ્વભાવથી તું જણાય એવી મોટપવાળો તું છો. તેને બદલે નિમિત્તથી થાય, વ્યવહાર કરતાં કરતાં થાય –એમ માનવું તે તને કલંક છે.

પ્રભુ! તારો સ્વભાવ જ એવો છે કે વ્યવહારથી, નિમિત્તથી કે ક્રિયાકાંડથી તો ન જણાય પણ શાસ્ત્રજ્ઞાનથી પણ ન જણાય. પરાશ્રિત ક્રિયાઓથી જણાય એવો તું નથી એમ વીતરાગી વાણીમાં આવ્યું છે. અરે! અમારી વાણીથી જે અગિયાર અંગનું તેં જ્ઞાન કર્યું તેનાથી પણ તું જણાય એવો નથી એમ જિનવરદેવ કહે છે.

આચાર્યદેવે બહુ ટૂંકામાં કહ્યું કે પરમેશ્વર ત્રિલોકીનાથે કહેલાં શાસ્ત્રોથી તું જણાય એવો નથી એટલે કે તું તને તારાથી જણાય એવો છો. તારાપણું શું છે?–કે જ્ઞાન ને આનંદ તે તારાપણું છે. જાણવાની ને આનંદની પર્યાયથી તું જણાય એવો છે, વીતરાગી પરમાત્માનો આ પોકાર છે.

અભવ્ય આટલું કરે છતાં ભવનો અંત આવતો નથી તેમ ભવી પણ આવો વ્યવહાર અનંતવાર કરે છતાં એક પણ ભવનો અંત આવતો નથી માટે નિમિત્તથી રાગથી અને એક સમયની પર્યાયથી ભિન્નવસ્તુભૂત આત્માના જ્ઞાનના અભાવમાં ભવી કે અભવી અનંતવાર અગિયાર અંગનું જ્ઞાન કરે કે પરિપૂર્ણ વ્યવહાર પાળે છતાં તે અજ્ઞાની જ છે તેમ જાણવું.

## જે જ્ઞાનમાં નિમિત્ત શુદ્ધાત્મા તે સમ્યગ્જ્ઞાન

લૌકિક અભ્યાસ કે વિચિક્ષણતાની વાત તો ક્યાંય રહી પણ અહીં તો કહે છે કે જિનેશ્વરદેવે કહેલાં આચારાંગ આદિ શાસ્ત્રનો અભ્યાસ તે વ્યવહાર છે અને તે પણ નિષેધ્ય છે. જે જ્ઞાનમાં નિમિત્ત, હેતુ, કારણ આત્મા ન થાય, જે જ્ઞાનમાં આત્મા ન જણાય તે જ્ઞાન જ્ઞાન નથી માટે નિષેધ્ય છે. જિનવરપ્રરૂપિત નવ પદાર્થોની શ્રદ્ધા અને જિનવરદેવે કહેલાં વ્રત–તપ આદિ પરિપૂર્ણ પાળે છતાં તે વ્યવહાર છે તેથી તે નિષેધ્ય છે. જેમાં શુદ્ધ આત્મા આવે તે વાસ્તવિક જ્ઞાન–શ્રદ્ધા –ચારિત્ર છે.

**[ શ્રી સમયસાર શાસ્ત્ર ઉપર પૂ. ગુરુદેવશ્રીના પ્રવચન-આધારે, તા. ૯-૫-૭૭ ]**

શિષ્ય પૂછે છે કે આત્માના જ્ઞાન–શ્રદ્ધાનના અભાવમાં આચારાંગ આદિ શાસ્ત્રોનું જ્ઞાન આદિ વ્યવહારરત્નત્રય હોવા છતાં તે અજ્ઞાની–મિથ્યાદ્રષ્ટિ છે તો એ વ્યવહારનય અને તેના નિષેધક નિશ્ચયનયનું સ્વરૂપ શું છે?–તેના ઉત્તરરૂપે આચાર્યદેવ આ ગાથા કહે છે :–

‘આચાર’ આદિ જ્ઞાન છે, જીવાદિ દર્શન જાણવું,
ષટ્જીવનિકાય ચરિત છે, —એ કથન નય વ્યવહારનું. ૨૭૬.
મુજ આત્મ નિશ્ચય જ્ઞાન છે, મુજ આત્મ દર્શન ચરિત છે,
મુજ આત્મ પ્રત્યાખ્યાન ને મુજ આત્મ સંવર યોગ છે. ૨૭૭.

આચારાંગ આદિ એટલે કે સર્વજ્ઞના શાસ્ત્રોનું જ્ઞાન તે પણ નિષેધવા લાયક છે તેમ અહીં કહે છે. શાસ્ત્રોનું જ્ઞાન છે તે શબ્દોનું જ્ઞાન છે. શબ્દશ્રુત તે જ્ઞાન છે–વ્યવહાર જ્ઞાન છે કેમ કે વ્યવહાર જ્ઞાનનો આશ્રય, નિમિત્ત શબ્દ છે. વ્યવહાર જ્ઞાનનો આશ્રય, હેતુ શબ્દ છે તેથી શબ્દશ્રુતને વ્યવહારે જ્ઞાન કહેવામાં આવે છે.

જેમાં ભગવાન આત્મા આવે નહીં તે જ્ઞાન નહીં. જે જ્ઞાનમાં આત્મા નિમિત્ત ન બને ને શબ્દશ્રુત નિમિત્ત બને તે જ્ઞાન નિષેધ કરવા લાયક છે. કારણકે તે શબ્દશ્રુત જ્ઞાનમાં શબ્દ નિમિત્ત છે, શબ્દ હેતુ છે, શબ્દ કારણ છે પણ તેમાં આત્મા નિમિત્ત નથી, આત્મા હેતુ નથી, આત્મા કારણ નથી.

જીવાદિ પદાર્થ તે દર્શન છે, કેમ કે દર્શનનો વિષય, નિમિત્ત, હેતુ નવ પદાર્થો છે તેથી જીવાદિ નવ પદાર્થો વ્યવહાર દર્શન છે, તે નિષેધવા લાયક છે. જીવાદિ નવ પદાર્થોમાં સંવર–નિર્જરા–મોક્ષ આવ્યા પણ તે ભેદવાળા આવ્યા; અને તેઓ વ્યવહારશ્રદ્ધામાં કારણ છે, આશ્રય છે માટે તેને વ્યવહારદર્શન કહેવામાં આવે છે. નવ પદાર્થો વ્યવહારશ્રદ્ધામાં કારણ છે, હેતુ છે, આશ્રય છે તેથી નવ પદાર્થો તે વ્યવહારદર્શન છે અને તે નિષેધવા યોગ્ય છે. તત્ત્વાર્થસૂત્રમાં જે નવ તત્ત્વના શ્રદ્ધાનને સમ્યગ્દર્શન કહ્યું છે ત્યાં એકવચન કહ્યું છે એટલે કે અભેદની વાત કરી છે, ભેદવાળા નવ તત્ત્વોની વ્યવહારશ્રદ્ધાની ત્યાં વાત નથી.

વ્યવહાર સમકિતનો વિષય જીવાદિ નવ પદાર્થો છે, આશ્રય તે છે, આધાર તે છે. વર્તમાન શ્રદ્ધાની પર્યાયમાં નવ પદાર્થો નિમિત્ત થાય છે પણ એક અભેદ આત્મા તેમાં નિમિત્ત, હેતુ, આશ્રય થતો નથી તેથી તેને વ્યવહારશ્રદ્ધા કહે છે અને તેથી તે નિષેધ્ય છે.

છ જીવ–નિકાય ચારિત્ર છે, છ જીવનો સમૂહ તે ચારિત્ર છે. આ વ્યવહારચારિત્રની વાત છે. મહાવ્રતનો વિકલ્પ છે તે છ જીવ–નિકાયનો વિકલ્પ છે તેથી છ જીવ–નિકાય તે વ્યવહારચારિત્ર છે તેમ કહ્યું. કારણકે વ્યવહારચારિત્રમાં છ જીવ–નિકાય તરફ વલણ જાય છે, વ્યવહારચારિત્રમાં છ જીવ–નિકાય આશ્રય છે. હેતુ છે, લક્ષ ત્યાં જાય છે તેથી છ જીવ–નિકાય તે વ્યવહારચારિત્ર છે.

વ્યવહારચારિત્રનો વિકલ્પ છે તેમાં છ જીવ–નિકાયનું લક્ષ છે તેથી વ્યવહારના વિકલ્પને વ્યવહારચારિત્ર ન કહેતાં તેમાં જે નિમિત્ત, હેતુ, કારણ છે તેને વ્યવહારચારિત્ર કહ્યું. વ્યવહારચારિત્ર તો પોતાના પરિણામ છે પણ તેમાં છ જીવ–નિકાયના સમૂહનો આશ્રય છે તેથી છ જીવ–નિકાયનો સમૂહ તે ચારિત્ર તેમ કહ્યું. મહાવ્રતના પરિણામ તો અહીં પોતામાં છે પણ તેનું લક્ષ છ જીવ–નિકાય હોવાથી છ જીવ–નિકાય તે વ્યવહારચારિત્ર છે તેમ કહ્યું.

જિનવરે કહેલાં વ્યવહારના પરિણામમાં છ જીવ–નિકાય આશ્રય છે તેથી છ જીવ–નિકાય તે વ્યવહારચારિત્ર છે.–એ રીતે વ્યવહાર પ્રતિષેધવા લાયક છે તેની વાત કરી. હવે નિશ્ચયની વાત કહે છે :

શુદ્ધ આત્મા તે જ્ઞાન છે. જેમ શબ્દશ્રુત તે વ્યવહારજ્ઞાન છે તેમ શુદ્ધ આત્મા તે જ્ઞાન છે તેમ કહ્યું. જેમ શબ્દશ્રુતજ્ઞાનમાં શબ્દો નિમિત્ત હતા તેમ સમ્યગ્જ્ઞાનમાં શુદ્ધ આત્મા નિમિત્ત, હેતુ, કારણ છે તેથી શુદ્ધ આત્મા તે સમ્યગ્જ્ઞાન છે તેમ કહ્યું, ખરેખર તો સમ્યગ્જ્ઞાન તે પર્યાય છે પણ તેમાં હેતુ, કારણ શુદ્ધ આત્મા છે તેથી શુદ્ધ આત્મા તે સમ્યગ્જ્ઞાન છે તેમ કહ્યું.

જ્ઞાન તો સમ્યગ્જ્ઞાન છે પણ તેનો આશ્રય શુદ્ધ આત્મા છે તેથી શુદ્ધ આત્મા તે જ્ઞાન છે એમ કહ્યું. જેનું લક્ષ થઈને જ્ઞાન થયું–થયું છે તો પોતાથી પોતે, પણ તેનું લક્ષ જે છે–તેને જ્ઞાન કહ્યું, તેથી શુદ્ધ આત્મા તે જ્ઞાન છે તેમ કહ્યું. જેમ આચારંગાદિ શબ્દશ્રુત તે જ્ઞાન છે કેમ કે તે જ્ઞાનમાં શબ્દશ્રુતનો આશ્રય છે, તેમ શુદ્ધ આત્મા જ્ઞાન છે કેમ કે જ્ઞાનમાં શુદ્ધ આત્માનો આશ્રય છે.

બાર–અંગનું જ્ઞાન પૂર્વે કદી થયું નથી છતાં તે વિસ્મયકારી નથી પણ તેમાં કહેલો ભગવાન આત્મા તે વિસ્મયકારી છે. જે જ્ઞાનમાં આત્મા કારણ ન થાય તે જ્ઞાન નહીં. અહીં તો અભેદથી આત્મા તે જ્ઞાન એમ કહ્યું પણ એમ કહીને પાછું કહ્યું એમ કે આત્મા તેમાં કારણ છે, હેતુ છે, નિમિત્ત છે; પરંતુ એમ કહ્યું નથી કે આત્મા જ્ઞાનની પર્યાયમાં આવી ગયો. આત્માનું જ્ઞાન પર્યાયમાં આવ્યું છે પણ આત્મા પર્યાયમાં આવ્યો નથી.

આત્મા તે જ્ઞાન છે એ અભેદથી કહ્યું છે. જે જ્ઞાનમાં આત્માની સ્વ–સન્મુખતા થઈને આત્માનું જ્ઞાન થયું ત્યારે 'આત્મા તે જ્ઞાન' એમ કહ્યું. તે જ્ઞાનનું કારણ કોણ ?–કે સમ્યગ્જ્ઞાનની પર્યાયનું કારણ, હેતુ, નિમિત્ત આત્મા છે. સમ્યગ્જ્ઞાનની પર્યાયમાં શુદ્ધ આત્મા જણાય છે.

આત્માના જ્ઞાનની યથાર્થતા કેમ છે તેની વાત ચાલે છે. જે જ્ઞાનમાં આત્મા આવ્યો તે યથાર્થ જ્ઞાન છે. આત્મા પર્યાયમાં આવ્યો નથી પણ આત્મા જે જ્ઞાનમાં આવ્યો છે તે સમ્યગ્જ્ઞાન છે. આ વાત ખ્યાલમાં તો લ્યો કે શું નિશ્ચય છે અને શું વ્યવહાર છે. વાસ્તવિક આત્માના જ્ઞાન વિના આત્મા નહીં જણાય. નિશ્ચયથી કહ્યું તે યથાર્થ છે અને વ્યવહારથી કહ્યું તે ઉપચારથી છે તેને બદલે વ્યવહારને યથાર્થમાં ખતવી નાખે તે ન ચાલે. અહીં તો કહે છે કે વ્યવહાર તે નિષેધવા લાયક છે માટે વ્યવહાર સાધન ને નિશ્ચય સાધ્ય તે કેમ બને ? માત્ર ઉપચારથી શાસ્ત્રમાં કહ્યું છે.

પહેલાં એમ કહ્યું કે શાસ્ત્રો આધાર છે માટે શાસ્ત્રો તે જ્ઞાન છે. પછી તેનો નિષેધ કરવા કહ્યું કે શુદ્ધ આત્મા તે જ્ઞાન છે. જ્ઞાનની પર્યાયમાં શુદ્ધ આત્મા કારણ છે, સમ્યક્–

જ્ઞાનની પર્યાયમાં આત્મા જણાય છે માટે આત્મા તે જ્ઞાન છે અને તે દ્વારા વ્યવહારજ્ઞાન નિષેધવા લાયક છે.

અહીં આત્મા તે જ્ઞાન કહેતાં દ્રવ્ય અને પર્યાય બે ભિન્ન છે, એક નથી છતાં આત્મા તે જ્ઞાન કહ્યું કેમ કે તે પર્યાયમાં આત્મા જણાયો છે, આત્માનું જ્ઞાન પયાર્યમાં થયું છે.

શુદ્ધ આત્મા તે દર્શન છે, શુદ્ધ આત્મા તે સમકિત છે. જેમ નવ પદાર્થોને વ્યવહાર સમકિત કહેલ, કેમ કે નવ પદાર્થો સમકિતનો આધાર છે, નિમિત્ત છે, તેમ અહીં કહે છે કે શુદ્ધ આત્મા તે સમકિત છે, કેમ કે સમકિતમાં શુદ્ધ આત્મા જ શ્રદ્ધાયો છે. શ્રદ્ધાની પર્યાયમાં શુદ્ધ આત્મા શ્રદ્ધાયો છે. સમ્યગ્દર્શનની પર્યાયમાં શુદ્ધ આત્મા હેતુ છે.

શુદ્ધ આત્મા સમકિત છે! એક બાજુ કહો છો કે આત્મા પર્યાયમાં દાતા નથી ને અહીં કહો છો કે શુદ્ધ આત્મા તે સમકિત! – એનો અર્થ એમ છે કે સમ્યગ્દર્શનમાં આત્મા કારણ છે, આશ્રય છે, હેતુ છે, નિમિત્ત છે, પરંતુ આત્મા સમ્યગ્દર્શનની પર્યાયને પ્રગટ કરે છે કે તે પર્યાયમાં આત્મા આવે છે તેમ તેનો અર્થ નથી. સમ્યગ્દર્શનની પર્યાય પોતે ઉપાદાન છે પણ તેમાં નિમિત્ત શુદ્ધ આત્મા છે માટે આત્મા તે સમ્યગ્દર્શન એમ કહેવામાં આવે છે.

જે કાંઈ શાસ્ત્રનું જ્ઞાન થાય તેમાં શબ્દ નિમિત્ત છે તેથી તે જ્ઞાનને શબ્દશ્રુતજ્ઞાન કહે છે પણ તે આત્મજ્ઞાન નથી. ખરેખર તો શબ્દશ્રુતજ્ઞાનમાં જ્ઞાનનું જે પરિણમન છે તે આત્માનું પરિણમન જ નથી, કેમ કે જેમ પુદ્‌ગલની ઠંડી ગરમ આદિ અવસ્થા જ્ઞાન કરાવવામાં નિમિત્ત છે પણ શીત–ઉષ્ણપણે પરિણમવું તે જ્ઞાનનું કાર્ય નથી, તે તો પુદ્‌ગલનું કાર્ય છે, તેમ નવ તત્ત્વોની શ્રદ્ધા, શાસ્ત્રનું જ્ઞાન અને વ્યવહારચારિત્ર તે ત્રણે રાગ છે ને આત્માનું રાગપણે પરિણમવું અશક્ય છે.

જે જ્ઞાનમાં શબ્દશ્રુત આધાર છે પણ આત્મા આધાર નથી તે શબ્દશ્રુતજ્ઞાન છે, તેનાથી આત્મજ્ઞાન થતું નથી, શબ્દશ્રુતને જાણવાનો જેટલો વિકલ્પ છે તે જ્ઞાન પરલક્ષી છે, વીતરાગના શાસ્ત્રોનું જ્ઞાન છે તે પરલક્ષી જ્ઞાન હોવાથી પરલક્ષી જ્ઞાનનો નિષેધ કર્યો છે. જે જ્ઞાનમાં આત્મા નિમિત્ત નથી તે જ્ઞાનને સમ્યક્જ્ઞાન કહેતા નથી કેમ કે વ્યવહાર–જ્ઞાનપણે નિશ્ચયથી આત્માને પરિણમવું અશક્ય છે, જેમ શીત–ઉષ્ણરૂપે પરિણમવું આત્માને અશક્ય છે તેમ.

જીવાદિ નવ પદાર્થો તે વ્યવહાર દર્શન છે, તે રૂપે પરિણમવું તે ચૈતન્યનો અધિકાર નથી. જે શ્રદ્ધામાં આત્મા નથી, જે શ્રદ્ધામાં નવ પદાર્થો નિમિત્ત છે તેને વાસ્તવિક શ્રદ્ધા કહેતા નથી. પરના આશ્રયે થયેલી જ્ઞાન–દર્શનની પર્યાય નિષેધ્ય છે અને આત્માના આશ્રયે થયેલી પર્યાય તે વાસ્તવિક પર્યાય છે, તે આદરવા લાયક છે.

વ્યવહાર અહિંસામાં પંચ–મહાવ્રત સમાઈ જાય છે. વ્યવહારચારિત્ર એટલે શુભરાગ, તેમાં છ જીવ–નિકાય નિમિત્ત છે તેથી છ જીવ–નિકાયના જીવને જ વ્યવહારચારિત્ર કહી દીધો. આત્મા જેને કહીયે તે વ્યવહારચારિત્રપણે પરિણમવાને અશક્ય છે. ભગવાન વીતરાગી પ્રભુ રાગપણે કેમ પરિમણે? રાગ હો, રાગને જાણવારૂપ પરિણમે પણ રાગપણે પરિણમે નહીં. ભગવાન આત્મા તેના સ્વભાવપણે પરિણમે કે વિભાવપણે પરિણમે? ત્રિકાળી છે તે વર્તમાન પરિણામપણે–વિભાવપણે પરિણમે કે વર્તમાન પરિણામ ત્રિકાળીપણે–સ્વભાવપણે પરિણામે? અનાકુળ આનંદના નાથના આશ્રય વિનાની પરના આશ્રયવાળી દશા તે રાગ છે. અજ્ઞાની તે રૂપ પરિણમે છે એટલે કે હું રાગરૂપે પરિણમ્યો એમ તે માને છે, તે મિથ્યાત્વ છે.

શબ્દશ્રુતજ્ઞાન, નવ તત્ત્વોની શ્રદ્ધા અને છ જીવ–નિકાયનું ચારિત્ર તે વ્યવહાર અને શુદ્ધ આત્માનું જ્ઞાન, શ્રદ્ધા ને ચારિત્ર તે નિશ્ચય છે. તેમાં વ્યવહાર છે તે નિષેધ્ય છે – નિષેધવા લાયક છે અને તેનો નિષેધક નિશ્ચય છે. અજ્ઞાનીને તો વ્યવહાર પણ નથી કેમ કે નિશ્ચય વિના વ્યવહાર હોય નહીં. પરંતુ જેને નિશ્ચય છે એવા જ્ઞાનીને વ્યવહાર હોય છે તે વ્યવહાર નિષેધ્ય છે એમ અહીં કહ્યું છે.

વ્યવહાર અને નિશ્ચય–તે બેમાં વ્યવહાર નિષેધ્ય છે કેમ કે તે વ્યભિચારયુક્ત છે –અનૈકાંતિક છે, કારણ કે શબ્દશ્રુતજ્ઞાન હોવા છતાં તેમાં આત્માનું જ્ઞાન નથી. શબ્દશ્રુત હોવા છતાં ત્યાં આત્મજ્ઞાન નથી, પણ હોતા તેથી તેને જ્ઞાન કહેતાં નથી. જેમાં ભગવાન ભળે નહીં તેને જ્ઞાન કહેતાં નથી માટે વ્યવહારનય પ્રતિષેધ્ય છે. શબ્દશ્રુતજ્ઞાન, નવ પદાર્થોની શ્રદ્ધા, છ જીવ–નિકાયનું ચારિત્ર એ ત્રણે વ્યવહાર હોવા છતાં નિશ્ચય જ્ઞાન આદિ નથી પણ હોતા તેથી શબ્દશ્રુત આદિને જ્ઞાન આદિના આશ્રયસ્વરૂપ માનવામાં વ્યભિચાર આવે છે માટે વ્યવહાર નિષેધ્ય છે.

ભગવાનની વાણીમાં એમ આવ્યું કે જેને નિશ્ચય નથી અને એકલો વ્યવહાર છે તે તો નિષેધ્ય છે જ પણ જેને નિશ્ચય છે અને વ્યવહાર છે તે પણ નિષેધ્ય છે. તો પછી વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય કેમ થાય? વ્યવહાર પોતે રાગ છે, સંસાર છે તો તે કરતાં કરતાં નિશ્ચય કેમ થાય? જેને વ્યવહાર નથી એવા અજ્ઞાનીની વાત નથી લીધી પણ જેને વ્યવહાર છે એવા જ્ઞાનીની વાત લીધી છે કે વ્યવહાર નિષેધ્ય છે.

નિશ્ચયનય વ્યવહારનયનો નિષેધક છે કેમ કે નિશ્ચયનય અનૈકાંતિક નથી –વ્યભિચારયુક્ત નથી, કેમ કે શુદ્ધ આત્માને જ્ઞાન આદિનું આશ્રયપણું માનવામાં ઐકાંતિક છે એટલે કે શુદ્ધ આત્મા હોય ત્યાં જ્ઞાન આદિ હોય જ છે. માટે નિશ્ચય તે આદરવા લાયક છે અને નિશ્ચય વડે વ્યવહાર નિષેધવા લાયક છે. આત્માના જ્ઞાન –દર્શન–ચારિત્રરૂપ નિશ્ચય

હોય ત્યાં વ્યવહાર હોય ખરો, પણ જ્યાં વ્યવહાર હોય ત્યાં નિશ્ચય નથી પણ હોતો માટે વ્યવહાર છોડવા લાયક છે.

હવે કહે છે કે ભગવાનના કહેલાં આચારાંગાદિ શાસ્ત્રો–શબ્દશ્રુત એકાંતે જ્ઞાનનો આશ્રય નથી પરંતુ શુદ્ધ આત્મા જ જ્ઞાનનો આશ્રય છે, કેમ કે શાસ્ત્રજ્ઞાનની હૈયાતીમાં પણ–વ્યવહાર શાસ્ત્રજ્ઞાન હોવા છતાં પણ આત્માનું જ્ઞાન હોતું પણ નથી માટે વ્યવહાર જ્ઞાનનો નિષેધ છે. અભવીને શાસ્ત્રજ્ઞાન હોવા છતાં શુદ્ધ આત્માના અભાવને લીધે સમ્યગ્જ્ઞાન હોતું નથી. શુદ્ધ આત્માના સદ્ભાવથી જ જ્ઞાનનો સદ્ભાવ છે, કેમ કે શુદ્ધ આત્માના સદ્ભાવમાં આચારાંગ આદિ શાસ્ત્રજ્ઞાનની હૈયાતી હો કે ન હો છતાં જ્ઞાનનો સદ્ભાવ હોય છે.

એ રીતે નિશ્ચયનય અને વ્યવહારનય બતાવીને, નિશ્ચયનય વડે વ્યવહારનય નિષેધ્ય છે અને નિશ્ચયનય ઉપાદેય છે તેમ પ્રતિપાદિત કર્યું.

## ❈ बम्बईमें आध्यात्मिक शिक्षण शिबिर ❈

ज्ञातव्य है कि डॉ. हुकमचंदजी भारिल्ल, संपादक–आत्मधर्म (हिन्दी) एवं पं. रतनचंदजी शास्त्री, संपादक–जैनपथ प्रदर्शक की प्रान्तिज शिबिरसे लौटते समय एक सप्ताहके लिए बम्बई पधारनेकी स्वीकृति प्राप्त हो चुकी है, अत: उनके प्रवचन और शिक्षणका लाभ लेनेके लिए एक शिबिरका आयोजन किया गया है। कार्यक्रम व स्थानकी विस्तृत जानकारी श्री सीमंधरस्वामी दिगम्बर जैन मंदिर १७३–१७५ मुम्बादेवी रोड़, बम्बई–२ से ज्ञात हो सकेगी। **-बसन्तभाई दोशी, बम्बई**

## ❈ आत्मार्थी छात्र ध्यान दें ❈

आत्मधर्म (मई १९६७) में प्रकाशित 'आत्मार्थी छात्रोंको अपूर्व–अवसर' नामक विज्ञप्तिके अनुसार टोडरमल स्मारक भवनमें अध्ययनार्थ प्रवेश हेतु सैकड़ों छात्रोंके प्रार्थना पत्र आ चुके हैं। यद्यपि स्थान सीमित होनेसे सभीको प्रवेश नहीं दिया जा सका है, जिन्हें प्रवेश मिला है उन्हें सूचना भेजी है, जिन्हें प्रवेश नहीं मिला है उन्हें भी सूचना भेजी है फिर भी यदि किसीको सूचना न मिल सकी हो तो वे छात्र अपना प्रार्थना–पत्र निरस्त समझें और समय रहते अपनी अन्यत्र व्यवस्था कर लें। **-नेमीचंद पाटनी**

# જ્ઞા........ ન...... ગો...... ષ્ઠી

## પૂજ્ય ગુરુદેવશ્રીની રાત્રિચર્ચા તથા સહજ ઉદ્‌ગારો

## [ જામનગર તથા રાજકોટ ]

**પ્રશ્નઃ**- કોઈ દ્રવ્ય પોતાનો સ્વભાવ છોડતો નથી તો જીવ સંસારી કેમ ?

**ઉત્તરઃ**- કોઈ દ્રવ્ય પોતાનો સ્વભાવ છોડતો નથી એટલે ? ત્રિકાળી સ્વભાવ છોડતો નથી. વર્તમાન દશામાં વિકારી દશા હોય, બંધ અવસ્થા હોય તોપણ ત્રિકાળી સ્વભાવ છોડતો નથી. બંધની અવસ્થા હો, મોક્ષમાર્ગની અવસ્થા હો કે મોક્ષ હો પરંતુ વસ્તુ તો ધ્રુવ એવી ને એવી પર્યાયની પાછળ ત્રણે કાળ મૌજુદ પડી છે.

**પ્રશ્નઃ**- જેવા ભાવ કરે તે થાય કે થવાના હોય તે થાય ?

**ઉત્તરઃ**- થવાના હોય તે થાય, પણ કરે છે માટે થાય છે. જે થવાના હતા તેનો કર્તા થઈને કરે છે. ખરેખર તો થવાના હતા તે થયા તેમ કોને ?–કે સ્વભાવનો નિર્ણય છે તેને. જ્ઞાયકભાવની દ્રષ્ટિ કરે તો થવાનું હતું તે થાય તેમ સમ્યક્ નિર્ણય થાય છે.

**પ્રશ્નઃ**- થવાનું હોય તે થાય તો પુરુષાર્થ નબળો પડે ને ?

**ઉત્તરઃ**- થવાનું હોય તે થાય તે ક્યારે ?–કે પર્યાયના લક્ષ દ્રવ્ય ઉપર જાય ત્યારે સમ્યક્ નિર્ણય થાય. તેમાં ઘણો પુરુષાર્થ છે.

**પ્રશ્નઃ**- પર્યાય દ્રવ્યથી ભિન્ન કે અભિન્ન ? કઈ રીતે ?

**ઉત્તરઃ**- દ્રવ્ય છે તે પર્યાયથી ભિન્ન છે કેમ કે ધ્રુવ છે તેમાં પર્યાય નથી ને પર્યાયમાં ધ્રુવ આવતો નથી એટલે ધ્રુવ પર્યાયને સ્પર્શતો નથી. પરંતુ પરથી ભિન્ન પાડવા માટે એમ કહેવાય કે દ્રવ્યની પર્યાય છે. પણ તેનો અર્થ એ નથી કે સામાન્ય દ્રવ્ય ને વિશેષ પર્યાય બે ધર્મો એકરૂપ થઈ જાય છે, બંને ધર્મો એકબીજાને સ્પર્શતા નથી.

* શાસ્ત્રજ્ઞાન તે પુણ્યબંધનું કારણ છે, સંસારનું જ્ઞાન તે પાપબંધનું કારણ છે અને આત્મજ્ઞાન તે ધર્મનું કારણ છે, શાસ્ત્રજ્ઞાન તે પુણ્યબંધનું કારણ છે પણ કયા શાસ્ત્ર ?–કે સર્વજ્ઞે કહેલાં શાસ્ત્રનું જ્ઞાન તે પુણ્યનું કારણ છે, અન્યના કહેલાં શાસ્ત્રોની વાત પણ નથી. શાસ્ત્રજ્ઞાન છે તેમાં શાસ્ત્ર નિમિત્ત છે તે પરલક્ષી છે તેથી તે નિષેધ્ય છે, આત્માનું જ્ઞાન તે નિશ્ચય છે. તેમ નવ તત્ત્વોની શ્રદ્ધામાં નવ તત્ત્વો નિમિત્ત છે, આત્મા નિમિત્ત નથી તેથી તે ભેદવાળી શ્રદ્ધા રાગ છે, વ્યવહાર છે, તે વ્યવહાર શ્રદ્ધા અભવીને પણ હોય પણ તે આત્માની શ્રદ્ધા

નથી. છ જીવ–નિકાયની દયાનો વિકલ્પ છે તે શુભરાગ છે–એવું હોવા છતાં નિશ્ચય–ચારિત્ર ન હોય કેમ કે નિશ્ચયચારિત્ર સ્વના આશ્રયે હોય છે. અને તેની સાથે વ્યવહારચારિત્રનો વિકલ્પ હોય પણ અને ન પણ હોય.

* જેમ વ્યવહારજ્ઞાનમાં શાસ્ત્ર નિમિત્ત છે તેમ નિશ્ચયજ્ઞાનમાં આત્મા નિમિત્ત છે, ઉપાદાન જ્ઞાનનું પોતાનું છે. નિશ્ચયજ્ઞાનમાં આત્મા આવતો નથી પણ જેવો આત્મા છે તેવું જ્ઞાન આવે છે માટે જ્ઞાનમાં આત્મા નિમિત્ત છે. તેવી રીતે જેમ વ્યવહારશ્રદ્ધામાં નવ તત્ત્વો નિમિત્ત છે તેમ નિશ્ચયશ્રદ્ધામાં આત્મા નિમિત્ત છે, એટલે જેવો આત્મા છે તેવી તેની શ્રદ્ધા પર્યાયમાં આવી જાય છે. પર્યાયમાં આત્મા નિમિત્ત! પર્યાય પોતાની ને તેમાં આત્મા નિમિત્ત. પર્યાયનું પોતાનું સામર્થ્ય છે, જ્ઞેય છે માટે જાણે છે એમ નથી. આત્મા જ્ઞેય છે, તેની સન્મુખ થઈને પર્યાય તેને જાણે છે પણ જાણવાનું સામર્થ્ય પર્યાયનું પોતાનું છે.

**પ્રશ્નઃ**- આગમનો વ્યવહાર અને અધ્યાત્મનો વ્યવહાર એટલે શું?

**ઉત્તરઃ**- સ્વરૂપની દ્રષ્ટિ થતાં જે શુદ્ધ પરિણમન થાય તે અધ્યાત્મનો વ્યવહાર છે અને મહાવ્રત, ત્રણ ગુપ્તિ આદિ શુભરાગ તે આગમનો વ્યવહાર છે.

**પ્રશ્નઃ**- કોઈ અપેક્ષાએ દ્રવ્ય પરિણામી છે ને?

**ઉત્તરઃ**- દ્રવ્ય તો અપરિણામી છે, બંધ મોક્ષના પરિણામને દ્રવ્ય કરતું નથી, પણ પર્યાય દ્રષ્ટિથી કહેવું હોય તો પર્યાય ધ્રુવમાંથી આવે છે ને ધ્રુવમાં જાય છે તેથી પર્યાય અપેક્ષાએ દ્રવ્ય પરિણમન કરે છે. દ્રવ્ય–દ્રષ્ટિએ નિષ્ક્રિય છે, પર્યાયદ્રષ્ટિ અપેક્ષાએ સક્રિય છે.

* પર્યાય ક્રમબદ્ધ થાય છે તેમ જાણવાનું તાત્પર્ય વીતરાગતા છે, ભગવાને દીઠું છે તેમ થશે તેનું તાત્પર્ય પણ વીતરાગતા છે. જે કાળે જે થાય તે કાળે તે જ તેનું પ્રાપ્ય કાર્ય છે. પરમાણુમાં જે કાળે જે કાર્ય થાય તે જ તેનું પ્રાપ્ય કાર્ય છે અને તે સંબંધીનું તે સમયે જ્ઞાન થાય તે જ્ઞાનનું પ્રાપ્ય કાર્ય છે. આમ જાણતાં જ્ઞાતા ઉપર દ્રષ્ટિ જાય છે, અકર્તા થાય છે ને વીતરાગતા પ્રગટે છે–એ તેનું તાત્પર્ય છે.

**પ્રશ્નઃ**- જ્ઞાની આખો દિવસ શાસ્ત્ર વાંચન ઉપદેશ આદિ કરતા જોવામાં આવે છે છતાં આપ કહો છો કે જ્ઞાની રાગને કરતો નથી, તો શું સમજવું?

**ઉત્તરઃ**- રાગ આવે છે પણ રાગનો જાણનાર છે. આત્માને જાણતો હોવાથી સ્વ–પર પ્રકાશક જ્ઞાન સમયે સમયે થાય છે ને તે સમયે રાગ હોય તેને જાણે છે પણ રાગનો સ્વામી નથી. રાગને પરજ્ઞેય તરીકે જાણે છે, ખરેખર તો તે સંબંધનું પોતાનું જ્ઞાન છે તે જ્ઞાનને તે જાણે છે. જ્ઞાનમાં રાગ નિમિત્ત છે પણ રાગનું જ્ઞાન પોતામાં

પોતા વડે થયું છે ને તે પોતાનું કાર્ય છે પણ રાગ તે પોતાનું કાર્ય નથી એમ તે જાણે છે.

**પ્રશ્ન**:- અભવ્યને કેવળજ્ઞાનાવરણી હોય ?

**ઉત્તર**:- હા, અભવ્યને શભ અપેક્ષાએ કેવળજ્ઞાન છે માટે કેવળજ્ઞાનાવરણી આવરણ હોય છે.

**પ્રશ્ન**:- ગુણ વિનાની કોઈ પર્યાય હોય ?

**ઉત્તર**:- હા, ભવ્યતા તે પર્યાય છે પણ તેને કોઈ ગુણ ન હોય, છતાં તે પર્યાય હોય ને સિદ્ધ દશા થતાં તે પર્યાય હોતી નથી.

**પ્રશ્ન**:- ક્રિયાનય અને જ્ઞાનનય એટલે શું ?

**ઉત્તર**:- રાગથી ધર્મ થાય–તેવું એક નયનું કથન છે, તેવી યોગ્યતા તે એક ધર્મ છે અને રાગનો અભાવ છે તે જ્ઞાનનય નામનો એક ધર્મ છે, એક સમયે બંને ધર્મો સાધકને સાથે હોય છે.

**પ્રશ્ન**:- ક્રિયાનય અને જ્ઞાનનયની મૈત્રી એટલે શું ?

**ઉત્તર**:- જયચંદ પંડિતે એમ કહ્યું છે કે અશુદ્ધતા ને શુદ્ધતા સાથે હોય તે મૈત્રી, જ્યારે રાજમલ્લજી પંડિતે કળશટીકામાં, એમ કહ્યું કે અશુદ્ધતાની નિવૃત્તિ તે મૈત્રી અશુદ્ધ રહે તે મૈત્રી નથી એટલે કે શુદ્ધતા થઈ તે દ્રવ્ય સાથે મૈત્રી.

**પ્રશ્ન**:- દ્રવ્ય અનુસારી ચરણ અને ચરણ અનુસારી દ્રવ્ય એટલે શું ?

**ઉત્તર**:- છઠ્ઠે ગુણસ્થાને જે શુદ્ધતા હોય તે દ્રવ્યના જ આશ્રયે હોય છે પણ અહીં રાગની મંદતા કેટલા અંશે છે તેના જ્ઞાનથી શુદ્ધતા કેટલી છે તેમ જોવે છે. આશ્રયનો અર્થ એમ નથી કે રાગના આશ્રયે ધર્મ થાય. શુદ્ધતા જેટલા પ્રમાણમાં હોય તેટલા પ્રમાણમાં રાગની મંદતા હોય છે અને રાગની મંદતા જેટલી હોય તેટલા પ્રમાણમાં શુદ્ધતા શુદ્ધતાના કારણે હોય છે. તેને દ્રવ્ય અનુસારી ચરણ ને ચરણ અનુસારી દ્રવ્ય તેમ પ્રવચનસારમાં કહ્યું છે.

**પ્રશ્ન**:- પરલક્ષી જ્ઞાનથી આત્મા જણાય નહીં ને અનાદિ મિથ્યાદ્રષ્ટિને સ્વલક્ષી જ્ઞાન નથી તો સાધન શું ?

**ઉત્તર**:- રાગથી ભિન્ન પડવું તે સાધન છે, પ્રજ્ઞાછીણીને સાધન કહો કે અનુભૂતિને સાધન કહો, તે એક જ સાધન છે.

**પ્રશ્ન**:- પરિણામી નિશ્ચયથી પોતાના પરિણામનો કર્તા છે અને વળી પૂર્વ પર્યાયનો વ્યય કર્તા છે તે કઈ રીતે ?

**ઉત્તર**:- ખરેખર તો ઉત્પાદની પર્યાયનો કર્તા ઉત્પાદ જ છે પણ અભેદ ગણી ઉપચારથી પરિણામીને કર્તા કહેવાય. પરંતુ દ્રવ્ય તો પરિણમતું જ નથી, દ્રવ્ય તો નિષ્ક્રય છે, પલ્ટે છે તે પર્યાય છે. વ્યયને ઉત્પાદનો કર્તા કહેવું તે પણ વ્યવયહાર છે. ષટ્કારકના પરિણામ ધ્રુવ અને વ્યયની અપેક્ષા વિના સ્વયંસિદ્ધ ઉત્પાદ થાય છે.

* જેને પાંચ–ઇન્દ્રિયના વિષયમાં સુખ ભાસે તે અંતરમાં ન જઈ શકે. ભગવાન

સુખનો સાગર છે તેને લક્ષમાં ન લેતાં જેમાં સુખનો ગુણ તો નથી પણ સુખની પર્યાય પણ નથી એવા રાગમાં, પૈસામાં, ભોગમાં સુખબુદ્ધિ છે તે ઉડાડવી પડશે. બાહ્ય સુખબુદ્ધિનો વ્યય અને અંતર સુખનો ઉત્પાદ. અરેરે! બહારના ભભકે ભરમાઈ ગયો છે ને અંતરનો ભભકો ભાળ્યો નથી.

**પ્રશ્નઃ**- વ્યવહારનો નિષેધ કરવાથી જીવ અશુભમાં ચાલ્યો જશે.

**ઉત્તરઃ**- અરે ભાઈ! જે શુભરાગરૂપ વ્યવહારમાં આવ્યો છે તે અશુભને છોડીને તો આવ્યો છે, હવે તેને સ્વનો-નિશ્ચયનો આશ્રય કરાવવા માટે વ્યવહારનો નિષેધ કરાવે છે ત્યાં અશુભમાં જવાની વાત જ ક્યાં છે?

**પ્રશ્નઃ**- પ્રગટમાં પરમાત્મા ન હોવા છતાં 'હું પરમાત્મા છું' તેમ માનવામાં અભિમાન નથી આવતું?

**ઉત્તરઃ**- ના, તેમાં તો પામરતાનો નકાર આવે છે અને પરમાત્મશક્તિનો આદર ને સ્વીકાર આવે છે, શક્તિમાં પરમાત્મા છું તેમ માને છે.

* સમ્યગ્દ્રષ્ટિ દ્રષ્ટિમાં પોતાને પ્રભુ માને છે ને પર્યાયમાં પોતાને પામર દેખે છે. અરે! ક્યાં કેવળજ્ઞાન પર્યાય ને ક્યાં આ અલ્પજ્ઞ પર્યાય! એમ પર્યાય ને પામરપણે દેખે છે.
* એક સમયની પર્યાય છે તેને ભેળવીને દ્રવ્યને પરિપૂર્ણ માને છે તે ત્રિકાળી દ્રવ્યને કલંકરૂપ માને છે. ધ્રુવવસ્તુ પર્યાયની અપેક્ષા વિના પોતાથી પરિપૂર્ણ છે. ઉત્પાદનો અંશ પરલક્ષે થાય તે પરિપૂર્ણ નથી પણ સ્વ-લક્ષે જે નિર્મળ શ્રદ્ધા-જ્ઞાનનો ઉત્પાદ પર્યાય થાય છે તે અંશમાં વસ્તુ પરિપૂર્ણ આવી હોવાથી તે અંશ પણ પરિપૂર્ણ છે. ત્રિકાળી વસ્તુ પરિપૂર્ણ છે તે જે નિર્મળ અંશમાં જણાય છે તે અંશને પણ પરિપૂર્ણ કહેવામાં આવે છે. વસ્તુ પોતે નિર્મળ અંશમાં આવી જતી નથી પણ પરિપૂર્ણ વસ્તુનું જ્ઞાન જે અંશમાં આવે છે તે અંશને પણ પરિપૂર્ણ કહેવામાં આવે છે.
* વૃક્ષમાંથી લાખ ઉત્પન્ન થાય છે છતાં તે વૃક્ષનો વિકૃતભાવ હોવાથી લાખ તે વૃક્ષને ઘાત કરનાર છે તેમ ભગવાન આત્મા જ્ઞાન ને આનંદની મૂર્તિ છે તેમાં જે પુણ્ય-પાપના ભાવ ઉત્પન્ન થાય છે તે આત્માનો વિકૃત ભાવ હોવાથી આત્માની શાંતિને હણનારો છે-ઘાત કરનારો છે. એ શુભ-રાગ ઘાતક હોવાથી આત્માને લાભ કરે-હિત કરે એમ માનવું તે મિથ્યાત્વ છે.
* સ્વના જ્ઞાનની પર્યાયમાં આત્મા નિમિત્ત છે તેથી તે જ્ઞાનને આત્માનું જ્ઞાન કહ્યું અને પરના જ્ઞાનની પર્યાયમાં શબ્દશ્રુત નિમિત્ત છે તેથી તે જ્ઞાનને શબ્દનું જ્ઞાન કહ્યું, અહાહા! અગિયાર અંગનું જ્ઞાન હોવા છતાં આત્માના જ્ઞાનથી શૂન્ય હોવાથી તેને શબ્દનું જ્ઞાન કહ્યું છે.

* ચૌદ જીવસ્થાન, ચૌદ માર્ગણાસ્થાન, ચૌદ ગુણસ્થાન–એ બધાં જીવની એક સમયની પર્યાય છે, એક સમયની યોગ્યતારૂપ ભાવો છે. અરે! ખરેખર તો ભવ્યપણું પણ એક સમયની પર્યાય પૂરતું છે. એક સમયની પર્યાય છે તેથી તે વ્યવહાર છે અને ધ્રુવવસ્તુ તો ત્રિકાળ ધ્રુવ આનંદકંદ એકરૂપ વસ્તુ છે, તે એક સમયની પર્યાયની યોગ્યતાથી ભિન્ન છે.
* માર્ગમાં સંઘ લુંટાતા માર્ગ લુંટાયો તેમ વ્યવહારથી કહેવાય છે. ખરેખર માર્ગ લુટાતો નથી. માર્ગ તો છે તે જ છે તેમ માર્ગણાસ્થાનો–જીવસ્થાનો ગુણસ્થાનો એક સમયની પર્યાય પુરતાં જીવમાં છે તેને જીવ કહેવો તે વ્યવહાર માત્ર છે. ખરેખર ધ્રુવવસ્તુ તો અનાદિ અનંત એકરૂપ ચૈતન્ય પિંડ વસ્તુ છે, તેમાં એક સમયની પર્યાયરૂપ યોગ્યતા ક્યાં છે? એક સમયની પર્યાયને દ્રવ્ય અડતું પણ નથી. અહાહા! ત્રિકાળી દ્રવ્ય છે તે તો ભવીનું ને અભવીનું જે છે તે જ છે. વસ્તુ તો જે છે તે જ છે ભવી કે અભવી આદિ પર્યાયના બધા ભેદો વસ્તુમાં નથી.
* નિયમસારમાં કહ્યું છે કે જીવસ્થાનના, માર્ગણાસ્થાનના, ગુણસ્થાનના જેટલાં પર્યાયના ભેદો છે તે બધા ભેદોને હું કરતો નથી, હું કરાવતો નથી અને હું અનુમોદતો પણ નથી. ત્રિકાળી વસ્તુની દ્રષ્ટિમાં એક સમયની યોગ્યતાના ભાવને ગૌણ કરીને એ મારામાં છે જ નહિ, હું એને કરતો જ નથી. અહાહા! ત્રિકાળી વસ્તુની દ્રષ્ટિમાં એક સમયની પર્યાય છે જ ક્યાં!
* વ્યવહારથી પ્રતિપક્ષ નિશ્ચય છે તેમ નિયમસારમાં કહ્યું છે. જિનવરદેવે કહેલાં વ્રત–તપ–શીલ એ બધા સાવધાની ભરેલા કરવા છતાં તે વ્યવહારથી નિશ્ચય પ્રતિપક્ષ છે, તો એ નિશ્ચયનું કારણ થાય કે મદદ કરે એ કેમ બને? વિરુધ્ધભાવ તે અવિરુધ્ધ ભાવનું કારણ કેમ થાય? ન જ થાય.
* વ્યવહાર છે ખરો, ગુણસ્થાન આદિ ભેદો છે, તીર્થ છે, એ બધા ભાવો છે એટલી વાત સાચી છે, પણ એથી નિશ્ચય પ્રગટયો છે એમ નથી. એ ભાવો છે ખરા પણ હેયરૂપ છે, આશ્રય કરવા લાયક નથી. મોક્ષમાર્ગને પણ ત્રિકાળીની અપેક્ષાએ વ્યવહાર કહ્યો છે તે પણ આશ્રય કરવા યોગ્ય નથી. ગુણસ્થાન–માર્ગણાસ્થાન –જીવસ્થાન આદિ વ્યવહાર છે ખરો, જો છે તેનો નિષેધ કરશે તો નિશ્ચય પણ સાચો રહેશે નહિ, પણ તે વ્યવહાર છે, તેથી આશ્રય કરવા યોગ્ય છે એમ માનશે તો પણ નિશ્ચય રહેશે નહિ.
* ભગવાન તું અકારણ કાર્ય શક્તિવાળો છો, તે અકારણકાર્ય શક્તિ ઉપર દ્રષ્ટિ પડતાં અકારણકાર્યપણું પર્યાયમાં પ્રગટ થયું એટલે પર્યાયમાં પણ અકર્તા થયો. અહાહા! જ્ઞાતાદ્રષ્ટા પ્રભુ તું છો, થાય

તેને જાણનાર છો, થાય એનો જાણનાર છો. રાગ થાય તે કાળે જ્ઞાન તેને જાણતું પરિણમે છે. જાણનાર.... જાણનાર.... જાણનાર જ છો.

* જે સમયે જડના પરિણામ થાય છે તે જ સમયે જ્ઞાતાના પરિણામ જાણવાના થાય છે એ જ જ્ઞાતાનું વ્યાપ્ય છે, એ જ જ્ઞાનનો પુરુષાર્થ છે. ફેરફાર કરવું તે તો ઊંધો પુરુષાર્થ છે. જ્ઞાતા છે તે તે જ સમયના જ્ઞેય પરિણામને જાણે, તે જ જ્ઞાતાનું કાર્ય છે.
* જે સમયે જે પર્યાય થવાની છે તે થવાની જ છે એ નિશ્ચય છે–એમાં અજ્ઞાનીને શંકા થાય છે કે એમ માનતા તો નિયત થઈ ગયું! અરે! નિયત એટલે નિશ્ચય છે અને પર્યાયના નિશ્ચયથી પર્યાયની ને પરની કર્તાબુદ્ધિ છૂટી જાય છે એટલે જ્ઞાતાદ્રષ્ટિ થાય છે અને જ્ઞાતાપણું થવું તે ક્રમબદ્ધનું પ્રયોજન છે.
* શરીર આદિ બાહ્ય ચીજથી તો આત્મા ભિન્ન છે જ, રાગથી અને અલ્પજ્ઞતાથી અધિકપણે એટલે કે ભિન્ન આત્માને જાણવો તે અલૌકિક પુરુષાર્થ છે.
* વ્યવહાર જ્ઞાનમાં શબ્દશ્રુત નિમિત્ત છે. વ્યવહાર શ્રદ્ધામાં નવ પદાર્થો નિમિત્ત છે. અને વ્યવહાર ચારિત્રમાં છ જીવ–નિકાય નિમિત્ત છે. વ્યવહારજ્ઞાન–શ્રદ્ધા –ચારિત્રનો શુભ રાગ છે તે આત્મા વડે થવો અશક્ય છે. વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે એ વાત જ સમયસારની ગાથા ૨૭૬/૭૭ માં સિદ્ધ થાય છે. વ્યવહાર કરેલો છે એ વાતનો નિષેધ થાય છે. કેમ કે વ્યવહાર જ્ઞાન–શ્રદ્ધા –ચારિત્રના રાગ વડે આત્માનું પરિણમવું અશક્ય છે, એ રાગ પુદ્‌ગલ વડે રચાય છે આત્મા વડે રચાતો નથી.
* જિજ્ઞાસુને પહેલાં એવો નિર્ણય હોય કે હું મોક્ષ પામવાને લાયક જ છું. શંકાને સ્થાન ન હોય આયુષ્ય બંધાઈ ગયું હશે તો! એવી શંકાને સ્થાન ન હોય. મોળી–પાતળી વાત આત્માને માટે ન કરવી. અનંત ગુણોથી બંધાએલો પોતે છે તેને જોવો, તું જ દેવાધિ દેવ છો તેમ લેવું.

**પ્રશ્ન**:– આત્મામાં જે શુભાશુભ ભાવો થાય છે તેનું મૂળ ઉપાદાન કોણ?

**ઉત્તર**:– અશુદ્ધ ઉપાદાનથી આત્મા પોતે શુભાશુભ ભાવમાં વ્યાપક થઇને કરતો હોવાથી આત્મા તેનો કર્તા છે અને શુદ્ધ ઉપાદાનથી જોઇએ તો પુણ્ય–પાપ ભાવ તે આત્માનો સ્વભાવભાવ ન હોવાથી અને તે પુદ્‌ગલના લક્ષે થતા હોવાથી તે પુદ્‌ગલનું કાર્ય છે. પુદ્‌ગલ તેમાં વ્યાપક થઈને કર્તા થાય છે. જ્યારે સ્વભાવ ઉપર દ્રષ્ટિ જાય છે ત્યારે જ્ઞાની. યોગ અને ઉપયોગ ( રાગ ) નો સ્વામી થતો ન હોવાથી જ્ઞાની તેનો કર્તા નથી પણ જ્ઞાનીના જ્ઞાનમાં રાગ નિમિત્ત થાય છે.

## ❈ समाचार- दर्शन ❈

### शिक्षण-प्रशिक्षण शिबिरका उद्घाटन :--

प्रान्तिज:– दिनांक १५–५–७७ को प्रात: आठ बजे श्री वीतराग–विज्ञान आध्यात्मिक शिक्षण–प्रशिक्षण शिबिर (११ वाँ) का उद्घाटन गृहनिर्माण एवं शिक्षामंत्री माननीय श्री नवलभाई शाह के द्वारा संपन्न हुआ। ढाई घण्टे चले इस समारोहमें सर्वप्रथम पं० बाबूभाई चुन्नीलाल मेहता ने सभी अतिथियोंका परिचय देते हुए स्वागत किया। नेमचन्दजी पाटनीने शिबिरोंकी श्रृंखला एवं पंडित टोडरमल स्मारक ट्रस्टकी गति विधियोंका परिचय दिया। डॉ. हुकमचंदजी भारिल्लने वीतराग–विज्ञानका महत्व बताते हुए इस शिक्षण–शिबिरकी उपयोगिता पर प्रकाश डाला। तत्पश्चात अपने उद्घाटन भाषणमें शिक्षामंत्री (गुजरात प्रान्त) ने आध्यात्मिक शिबिरकी सराहना करते हुए पूर्ण सहयोग देनेका आश्वासन दिया। अन्तमें श्री खीमचन्दभाई जेठालाल शेठने अपने अध्यक्षीय भाषणमें शिबिरका आयोजकोंको और शिबिरार्थियोंको मंगल आशीर्वाद दिया।

शिबिरमें अभी तक २०० अध्यापक एवं २५०० से भी अधिक शिक्षार्थी आ चुके हैं। कार्यक्रम प्रात: ५–३० बजेसे रात्रिमें १० बजे तक प्रतिदिन लगभग १० घण्टे चलता है।

**- हेमचन्द जैन 'चेतन'**

### वेदीप्रतिष्ठा सानन्द सम्पन्न :-

प्रान्तिज :–नवीन चैत्यालय एवं वेदीका निर्माण होकर उसकी वेदीप्रतिष्ठा होकर दिनांक १५–५–७७ को जिनेन्द्र भगवानको विशाल जुलूशके साथ वेदीमें विराजमान किया गया। प्रतिष्ठाकार्य पं. धन्नालालजी ग्वालियर तथा इन्दौर ब्रह्मचर्याश्रमके ब्र. दीपचंदजी एवं ब्र. सुखलालजी द्वारा सम्पन्न हुआ। इस अवसर पर पं. खीमचंदभाई सोनगढ, पं. बाबूबाई महेता फतेपुर, डॉ. हुकमचन्दजी भारिल्ल जयपुर, पं. रतनचन्द भारिल्ल विदिशा; विशिष्ठ अतिथिके रूपमें उपस्थित थे।

**- हेमचन्द जैन 'चेतन'**

### श्रुतपंचमी समारोह :-

प्रान्तिजमें दिनांक २३–५–७७ को श्रुतपंचमी समारोहमें प्रात: विशाल जुलूश निकाला गया। जिनवाणी पूजन, प्रवचन वगैरहके विशेष कार्यक्रम हुए। इस अवसर पर उल्लेखनीय बात यह हुई कि एक सद्गृहस्थकी ओरसे धार्मिक साहित्यकी कीमत आधी कर दी गई और लगभग आठ हजार रूपयोंका साहित्य बिका। गंगवालजीके सद्प्रयत्नसे जैन पथ प्रदर्शक (वार्षिक) के एक हजार ग्राहक बने। आत्मधर्मके भी सैकडों ग्राहक बने।

**- हेमचन्द जैन 'चेतन'**

## दिगम्बर जैन महासमितिकी गुजरात शाखाका गठन

प्रान्तिज (गुजरात) में दिनांक २१–५–७७ को दिगम्बर जैन महासमितिकी गुजरात शाखाका गठन सर्वसम्मतिसे हो गया।

सम्पूर्ण गुजरातके कौने–कौनेसे पधारे लगभग प्रतिनिधियोंके सम्मेलनमें एक प्रस्ताव पास कर वर्तमान दिगम्बर भगवान महावीर २५०० वीं निर्वाण महोत्सव समितिके समस्त सामान्य सदस्य, कार्यकारिणी एवं पदाधिकारीयोंका उसी रूपमें दिगम्बर जैन महासमितिके सदस्य एवं पदाधिकारी मनोनीत किये गये। यह समिति तब तक कार्य करेगी जब तक कि नया विधान नहीं बन जाता और तदनुसार चुनाव होकर नई समिति, कार्यकारिणी एवं पदाधिकारीयोंको नहीं चुन लिया जाता।

**- अमृतलाल संघवी, महामंत्री**

## दिगम्बर भगवान महावीर २५०० वीं निवार्ण महोत्सव समितिकी गुजरात शाखाका समापन समारोह सानन्द सम्पन्न :-

प्रान्तिज (गुजरात) में दिनांक २२–५–७७ को प्रातः आठ बजे साहू शान्तिप्रसादजी जैनकी अध्यक्षतामें दि. भगवान महावीर २५०० वीं निर्वाण महोत्सव समितिकी गुजरात शाखाका समापन समारोह सानन्द सम्पन्न हुआ। उक्त समारोहके मुख्य अतिथि बाबूभाई जसभाई पटेल, मुख्यमंत्री गुजरात सरकार तथा अतिथि विशेष नवलभाई शाह, गृहनिर्माण एवं शिक्षामंत्री गुजरात सरकार थे। इस अवसर पर बाहरसे पधारे लगभग पांच हजार जनता उपस्थित थी।

सर्वप्रथम पं. बाबूभाई चुन्नीलाल मेहताने अतिथियोंका स्वागत करते हुए निर्वाण महोत्सव वर्षमें हुए कार्योंका संक्षिप्त विवरण दिया। पं. खीमचन्द जेठालाल शेठ, नवलभाई शाह, मुखमंत्री बाबूभाई जसभाई पटेल तथा डॉ. हुकमचन्दजी भारिल्लके व्याख्यानके बाद आदरणीय साहू शान्तिप्रसादजी जैनका भाषण हुआ जिसमें उन्होंने गुजरात समितिके कार्योंकी भूरि भूरि प्रशंसा करते हुए आदरणीय बाबूभाई चुन्नीलाल मेहताके कर्मठ व्यक्तित्वकी सराहना की।

दोपहरमें पं. खीमचन्दभाईके प्रवचनोपरान्त डॉ. भारिल्ल द्वारा प्रशिक्षण कक्षा चली जिसे देखकर साहूजी बहुत प्रभावित हुए। तत्वपश्चात् साहूजीका गुजरात समिति द्वारा

हार्दिक अभिनन्दन दिया गया तथा केन्द्रीय समितिकी ओरसे साहूजीने गुजरात समितिके ११५ कार्यकर्ताओंको उनकी सेवाओंके लिए स्वर्णपदक प्रदान किये। अभिनन्दनके उत्तरमें साहूजीने पूज्य स्वामीजीको अत्यन्त श्रद्धापूर्वक याद किया और गद्–गद् होते हुए ज्ञानके यज्ञ इन शिबिरोंकी बहुत प्रशंसा की। अनोखी प्रशिक्षण शैलीकी चर्चा अपने भाषामें बार बार की तथा इसके लिए पंडित टोडरमल स्मारक ट्रस्टके अधिकारियों श्री गोदीकाजी, पाटनीजी एवं डॉ. भारिल्लके लिए धन्यवाद ही नहीं दिया अपितु ट्रस्टको तन–मन–धनसे पूरा–पूरा सहयोग देनेके वचनको दुहराया। श्रीमति सरोज गांधी एवं कु. शुद्धात्मप्रभाकी अध्यापन शैलीसे बहुत प्रभावित हुए।

रात्रिमें पं. उत्तमचन्दजी एवं डॉ. भारिल्लके प्रवचनके बाद गुजरातके लगभग ५०० कार्यकर्ताओंको साहूजीके हस्ते गुजरात समितिकी ओरसे प्रशस्ति–पत्र दिये गये।

दोनों ही दिन घाटकोपरकी संगीत मंडली द्वारा बहुत ही रोचक नाटक प्रस्तुत किये।

इस अवसर पर आदरणीय सेठ श्री पन्नालालजी गंगवाल, रनतलालजी गंगवाल कलकत्ता, सुकुमारचन्दजी जैन मेरठ, महेन्द्रकुमार सेठी जयपुर, भगतरामजी जैन दिल्ही आदि भी पधारे थे। साहूजा सहित यह सब लोग २३ के प्रातः पूज्य गुरुदेव श्री कानजी स्वामीके प्रवचनोंका लाभ लेनेके लिए सोनगढ प्रस्थान कर गये।

इसी दिन श्री दि॰ जैन नवयुवक संघ ग्वालियर द्वारा समायोजित श्री महावीर पंच–कल्याणक चित्र प्रदर्शनीका उद्घाटन श्रीमान् शाहू शान्तिप्रसादजी जैनने किया तथा महावीर धर्मचक्र उपरान्त गुजरातकी फोटू प्रदर्शनीका उद्घाटन श्रीमान् रतनलालजी गंगवाल कलकत्ता वालोंने किया। दोनों ही प्रदर्शनी आकर्षक और भव्य थी। जिसे हजारों लोगोंने देखा और खूब सराहना की।

**– हेमचन्द्र जैन, 'चेतन'**

दिनांक २ मई १९७७ से २५ मई १९७७ तक जैनधर्म शिक्षण शिबिरका आयोजन पंडित श्री कैलाशचन्दजी बुलन्दशहर वालोंके मार्गदर्शनमें श्री दिगम्बर जैन मुमुक्षु मंडल छिन्दवाडाने आयोजित किया जिसमें प्रतिदिन ४०० से ५०० स्त्री–पुरुष –बच्चोंने प्रातः ८ से ९, दोपहर ३ से ४ व रात्रि ८ से ९ भाग लिया और जैनधर्मके रहस्यको हृदयगम किया सभीका उत्साह आश्चर्यजनक था। १५ मई की रात्रिको पंडितजीका विदाय समारोह श्री केवलचंद जैन (सर्राफ) की अध्यक्षतामें हुआ।

## * આત્મધર્મના આજીવન સભ્યોની નામાવલિ * ( અંક ૪૦૨ થી ચાલુ )

| | |
|---|---|
| ૪૦૭ શ્રીમતી તારાબેન નેચચંદ કાનજી નાઈરોબી | ૪૩૪ શ્રીમતી મંજુલાબેન રજનીકાંત મુંબઈ–૨ |
| ૪૦૮ શ્રી પ્રબોધચંદ પ્રવીણચંદ્ર જૈન છિંદવાડા | ૪૩૫ શ્રી પીયુષકુમાર પ્રીતમલાલ રાજકોટ |
| ૪૦૯ શ્રી દિગંબર જૈન મુમુક્ષુ મંડળ ગુના | ૪૩૬ ડો. કાંતીલાલ લીલાધર મહેતા જામનગર |
| ૪૧૦ શ્રી સુકેતુકુમાર માણેકલાલ તલાટી મુંબઈ | ૪૩૭ શ્રીમતી મધુબેન ભાઈલાલ દોશી માટુંગા |
| ૪૧૧ શ્રી સોભાગ એલ શાહ યુ. કે. | ૪૩૮ શ્રી ત્રિભોવનભાઈ વીરજીભાઈ રાજકોટ |
| ૪૧૨ શ્રી મેઘજીભાઈ નાથૂ માલદે નાઈરોબી | ૪૩૯ શ્રીમતી કસ્તૂરબેન સોમચંદ શાહ જામનગર |
| ૪૧૩ શ્રી હરખચંદ રાયચંદ નાઈરોબી | ૪૪૦ ડૉ. એન. એમ. મોદી રાજકોટ |
| ૪૧૪ શ્રી ગુલાબચંદ કાનજીભાઈ વસા જામનગર | ૪૪૧ શ્રી નવીનચંદ્ર શાંતીલાલ શાહ જામનગર |
| ૪૧૫ શ્રી ચંદ્રકાંત કાનજીભાઈ વસા ગાડરવારા | ૪૪૨ ,, દલીચદ માણેકચંદ મહેતા ,, |
| ૪૧૬ શ્રીમતી હંસાબેન અરવિંદભાઈ રાજકોટ | ૪૪૩ ,, સુખલાલ રાયચંદ મહેતા જામનગર |
| ૪૧૭ શ્રી મેહુલભાઈ હરીશકુમાર યુ. એસ. એ. | ૪૪૪ ,, વિજયકુમાર અમરચંદ નાનચંદ મોરબી |
| ૪૧૮ મીસીસ રશ્મીબેન વી. ગાંધી ,, | ૪૪૫ શ્રી સેવન બ્રધર્સ સીકન્દ્રાબાદ |
| ૪૧૯ શ્રી કાંતીલાલ વીરજીભાઈ વકીલ જામનગર | ૪૪૬ ,, કાંતીલાલ જે. મહેતા મુંબઈ–૭ |
| ૪૨૦ શ્રી જ્યોતિન્દ્ર મનુભાઈ મહેતા જામનગર | ૪૪૭ ,, ત્રંબકલાલ છગનલાલ વાધર જામનગર |
| ૪૨૧ શ્રી છગનલાલ લધુભાઈ મહેતા ,, | ૪૪૮ ,, જયંતીલાલ જાદવજી કોઠારી ,, |
| ૪૨૨ શ્રીમતી ગંગાબેન રતીલાલ પારેખસોનગઢ | ૪૪૯ શ્રી ચીમનલાલ વિકમચંદ સંઘવી માટુંગા |
| ૪૨૩ ,, પૂનીતબેન મહેન્દ્રભાઈ મહેતા રાજકોટ | ૪૫૦ શ્રી જીતેષકુમાર બાબુલાલ શાહ અમદાવાદ |
| ૪૨૪ ,, હંસાબેન જયવંતભાઈ ઝવેરી મુંબઈ–૨ | ૪૫૧ ,, ઉમેદલાલ ખીમચંદ વસા જામનગર |
| ૪૨૫ ,, સુમનબેન જગદીશભાઈ જામનગર | ૪૫૨ ,, રસીકલાલ ત્રિભોવનદાસ મુંબઈ– ૮૬ |
| ૪૨૬ શ્રી વિનોદભાઈ દેવશી કચરા ,, | ૪૫૩ ,, વેલજીભાઈ રાયસીભાઈ મુંબઈ– ૫૪ |
| ૪૨૭ શ્રીમતી લીલાવતી એસ. શાહ દારેસલામ | ૪૫૪ શ્રીમતી જયોત્સનાબેન કાંતીલાલ લખતર |
| ૪૨૮ શ્રી નેમીદાસ દામોદરભાઈ જામનગર | ૪૫૫ શ્રી ગુણવંતરાય પ્રેમચંદ ભાયાણી દાદર |
| ૪૨૯ ,, મહાસુખલાલ ખંધાર ચોટીલા | ૪૫૬ શ્રીમતી ગુલાબબેન ચીનોઇ રાજકોટ |
| ૪૩૦ ,, ચીમનલાલ ચુનીલાલ શેઠ મુંબઈ–૨૦ | ૪૫૭ શ્રી રમણીકલાલ સુંદરજી બીલીમોરા |
| ૪૩૧ ,, મહાસુખલાલ દુર્લભજી ઉદાણી જામનગર | ૪૫૮ શ્રીમતી હંસાબેન મુગટલાલ શાહ વાંકાનેર |
| ૪૩૨ ,, સુંદરજીભાઈ વીરજીભાઈ અમદાવાદ | ૪૫૯ શ્રીમતી કમલાબન હરીલાલ કોઠારી કલકત્તા |
| ૪૩૩ ,, ત્રંબકલાલ હિંમતલાલ સુરેન્દ્રનગર | **આજીવન સભ્ય ફી રૂા. ૧૦૧ ( ક્રમશઃ )** |

## સુવર્ણપુરીના સમાચાર :-

તા. ૬-૬-૭૭

* પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવનું સ્વાસ્થ્ય સારું છે. થોડા દિવસ દાઢની તકલીફ થવાને કારણે તા. ૨૬–૫–૭૭ થી બંને પ્રવચન તથા રાત્રિચર્ચા બંધ રહ્યા હતા જે તા. ૧–૬–૭૭ ના બપોરથી પૂર્વવત્ ચાલુ થઈ ગયા છે.


* જેઠ સુદ પાંચમને શ્રુત–પંચમીના રોજ પંડિતપ્રવર શ્રી રાજમલ્લજી કૃત સમયસાર–કલશ–ટીકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના આધ્યાત્મિક પ્રવચનોની માંગલિક શરૂઆત થઈ. સવારે ૮ થી ૯ શ્રી કલશ–ટીકાના કલશ ૫ ઉપર તથા બપોરે શ્રી સમયસારની ગાથા ૨૯૮/૯૯ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો ચાલી રહ્યા છે.

* પ્રસિદ્ધ ઉદ્યોગપતિ તથા શ્રી દિ. જૈનસમાજના પ્રમુખ નેતા શ્રી શાહૂ શાંતિપ્રસાદજી જૈન, તથા દિગંબર ભગવાન મહાવીર ૨૫૦૦ મા નિર્વાણ મહોત્સવ સમિતિના મહામંત્રી શ્રી સુકુમારજી વગેરે પ્રાંતિજનગરમાં કેટલાક કાર્યક્રમોમાં ઉપસ્થિત રહીને ત્યાંથી તા. ૨૩–૫–૭૭ ના બપોરે પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શનનો તથા અધ્યાત્મ–રહસ્યોદઘાટક પ્રવચનોનો લાભ લેવા સોનગઢ પધારેલ હતા. તેઓશ્રીને શ્રી સમયસાર શાસ્ત્રની ગાથા ૨૯૪ ઉપરના બે પ્રવચનોનો તથા શ્રી સમયસાર–કલશ–ટીકાના કલશ–૧ ઉપરના એક પ્રવચનનો અપૂર્વ લાભ મળ્યો હતો; પૂજ્ય ગુરુદેવશ્રીના શુદ્ધાત્મસ્પર્શી પ્રવચનોથી તેઓ પ્રભાવિત થયા હતા.

**સૂચના :-**

* પૂજ્ય ગુરુદેવશ્રીની ૮૮મી જન્મ–જયંતી પ્રસંગે ગુજરાતી આત્મધર્મના ગ્રાહકોને ભેટ આપવામાં આવેલ કેલેન્ડરમાં ભૂલથી "શ્રી દિ. જૈન શ્રાવિકા બ્રહ્મચર્યા–શ્રમ" છપાયું છે તેને બદલે "શ્રી ગોગીદેવી દિગંબર જૈન શ્રાવિકા બ્રહ્મચર્યાશ્રમ" સુધારી લેવા સૌને વિનંતી છે.

* વડોદરામાં પંડિત શ્રી બાબુભાઈ મહેતા (ફતેપુર) ની ઉપસ્થિતિમાં શ્રી દિ. જૈન મુમુક્ષુ મંડળ વડોદરા તરફથી તા. ૧–૫–૭૭ ના રોજ શ્રી આદિનાથ દિ. જિન ચૈત્યાલયમાં શ્રી ૧૦૦૮ આદિનાથ ભગવાન બિરાજમાન કરવામાં આવેલ છે. તે પ્રસંગે એક ભવ્ય રથયાત્રા કાઢવામાં આવી હતી તથા પં. શ્રી બાબુભાઈના આધ્યાત્મિક પ્રવચનો સાંભળવાનો ત્યાંના જિજ્ઞાસુઓને લાભ મળ્યો હતો.




* રાજકોટના શ્રી શાંતિલાલ ગોપાલજી પટેલના માતુશ્રી જમનાબેન (વર્ષ ૭૦) તા. ૨૯–૪–૭૭ ના રોજ સ્વર્ગવાસ પામેલ છે તેઓ અવાર–નવાર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોનો લાભ લેતા હતા. ધર્મ પ્રત્યે તેમને ભક્તિભાવ હતો.

* ઇંદોરવાળા સ્વ. શ્રેઠશ્રી સર હુકમચંદજીના સુપુત્રી શ્રી ચંદ્રાવતીબહેનના પતિ શ્રી રતનલાલજી સા. મોદી તા. ૩–૫–૭૭ ના રોજ એકાએક દેહાવસાન પામ્યા છે. તેઓને પૂજ્ય ગુરુદેવ પ્રતિ અત્યંત ભક્તિભાવ હતો. પૂજ્ય ગુરુદેવશ્રી જ્યારે જ્યારે ઇંદોર પધારતાં ત્યારે બધા કાર્યક્રમોમાં ઘણી હોંશથી ભક્તિપૂર્વક લાભ લેતા હતા તથા દિ. જૈન મુમુક્ષુ મંડળ ઇંદોરને તેઓ ઘણો જ સહકાર આપતા હતા. સત્ દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે અત્યંત શ્રદ્ધા તથા ભક્તિભાવ પૂર્વક તેઓ દેહવિલય પામ્યા.

* થાનગઢનિવાસી ભાઈશ્રી કાંતિલાલ દેવશીભાઈ (વર્ષ ૬૨ લગભગ) તા. ૧૧–૫–૭૭ ના રોજ હૃદયરોગથી દેહાવસાન પામ્યા છે. તેઓ પૂજ્ય ગુરુદેવના પ્રવચનોનો ઘણો લાભ લેતા હતા, તેમને પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે ઘણો ભક્તિભાવ હતો. તેમને સત્ દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે અનેરી શ્રદ્ધા–ભક્તિ હતા.

* મેસર્સ નીમ્ફ લેબોરેટરીવાળા શ્રી માણેકલાલભાઈ કસ્તુરચંદ તલાટી (વર્ષ ૬૪) તા. ૨૫–૫–૭૭ ના રોજ સોનગઢમાં સવારે એકાએક સ્વર્ગવાસ પામેલા છે. તેઓની તબિયત નાદુરસ્ત હોવા છતાં છેલ્લા ઘણા વર્ષોથી ઘણો સમય સોનગઢ રહીને પૂજ્ય ગુરુદેવશ્રીના આત્મોન્નતિકારી પ્રવચનોનો ખૂબ ઉત્સાહથી લાભ લઈ રહ્યા હતા. 'આ જ કરી લેવા જેવું છે'–એવી ઉચ્ચ ભાવના પૂર્વક દેહ છોડયો હતો. તેઓને

પૂજ્ય ગુરુદેવી પ્રત્યે અનન્ય શ્રદ્ધા–ભક્તિ હતા તથા ધર્મ–પ્રભાવનાના કાર્યોમાં ભાગ લેવાની ઘણી હોંશ હતી. સત્ દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે અત્યંત ભક્તિભાવ હતો.

* મુંબઈ નિવાસી શ્રી છબીલદાસ સુખલાલ તલસાણીયાના ધર્મપત્ની સમતાબેન (વર્ષ ૭૨) ૨૨ વર્ષની લકવાની લાંબી બિમારી ભોગવીને તા. ૨૬–૫–૭૭ ના રોજ દેહવિલય પામ્યા છે. તેઓને દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે ઘણો ભક્તિભાવ હતો.

* રાજકોટનિવાસી યુનિયન બેંક (રાજકોટ) ના રીટાયર્ડ રીજીયોનલ મેનેજર શ્રી બી. જે. નાઝીરના પત્ની શ્રીમતી હોમાઈબેન નાઝીર (વર્ષ ૬૨) હૃદયરોગના હુમલાથી તા. ૩૧–૫–૭૭ ના રોજ દેહ–વિલય પામ્યા છે. શ્રીમતી નાઝીર પારસી હોવા છતાં અને શરૂઆતમાં તેમના સમાજનો સખત વિરોધ હોવા છતાં છેલ્લા ૩૮ વર્ષોથી દિગંબર જૈન ધર્મના ચૂસ્ત અનુયાયી તથા તત્ત્વરસિક હતા. જ્યારે જ્યારે પૂજ્ય ગુરુદેવ રાજકોટ પધારતાં ત્યારે તેઓ પ્રવચન–ચર્ચામાં નિયમિત આવતાં ને લાભ લેતાં. પૂજ્ય ગુરુદેવની ૮૮ મી જન્મજયંતી પ્રસંગે તેઓ જામનગર લાભ લેવા આવ્યા હતા અને ત્યાર બાદ છેલ્લે રાજકોટમાં પણ દરરોજ બધા પ્રસંગે લાભ લીધો હતો. પૂજ્ય ગુરુદેવ પ્રત્યેના બહુમાન–ભક્તિના સંસ્કારબળે તેઓ આત્મોન્નતિને પામો.

* ઘાટકોપરનિવાસી (હાલ સોનગઢ) શ્રી મણિકાંતભાઈના પિતાશ્રી પદમશીભાઈ લખમશીભાઈ (વર્ષ ૬૪) તા. ૪–૬–૭૭ ના રોજ ઘાટકોપરમાં હૃદયરોગની બિમારીથી સ્વર્ગવાસ પામ્યા છે. છેલ્લા બે વર્ષથી તેઓ પૂજ્ય ગુરુદેવશ્રીના આધ્યાત્મિક પ્રવચનોનો લાભ લેવા સોનગઢમાં સ્થાયી થયા હતા. તેઓ તત્ત્વપ્રેમી હતા ને પૂજ્ય ગુરુદેવ પ્રત્યે ઘણો ભક્તિભાવ ધરાવતા હતા. સત્ દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે તેમને ઘણી ભક્તિ હતી.

સ્વર્ગસ્થ આત્માઓ વીતરાગ દેવ–ગુરુ–ધર્મ તથા વીતરાગ અધ્યાત્મતત્ત્વના પ્રેમથી સંપાદિત સંસ્કારો વડે શીઘ્ર આત્મકલ્યાણ સાધી પરમ પદને પ્રાપ્ત થાઓ–એ જ શુભ ભાવના.

* આચાર્ય કહે છે કે આ લોકનો એક મોટો ભ્રમ છે અથવા તેની મૂર્ખતા કહેવી જોઈએ કે અનેક દુઃખથી વ્યાપ્ત એવા આ સંસારમાં રહેવા છતાં પણ આપત્તિ આવતાં શોક કરે છે; કેમ કે ભૂત, પ્રેત, પિશાચ તથા ચિતા આદિથી વ્યાપ્ત એવા સ્મશાનમાં ઘર બનાવીને તેમાં રહેનાર એવો કોણ પુરુષ હશે કે જે અમંગલ સ્વરૂપ તથા અનેક પ્રકારના ભયજનક પદાર્થોથી ભયભીત થાય? ❀ ❀ ❀

# આગમ-મહાસાગરના અણમૂલાં રત્નો

* ભવ્યજીવોએ એમ વિચાર કરવો જોઈએ કે હું સહજ શુદ્ધ જ્ઞાનાનંદ સ્વભાવ નિર્વિકલ્પ છું, ઉદાસીન છું, નિજાનંદ નિરંજન શુદ્ધાત્મ સમ્યક્ દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ નિશ્ચયરત્નત્રયમયી નિર્વિકલ્પસમાધિથી ઉત્પન્ન વીતરાગ સહજાનંદરૂપ આનંદાનુભૂતિમાત્ર જે સ્વસંવેદનજ્ઞાન તેના દ્વારા ગમ્ય છું, અન્ય ઉપાયોથી ગમ્ય નથી.

[ શ્રી પરમાત્મપ્રકાશ, ટીકાકારનું અંતિમ કથન ]

* 'શુદ્ધઃ જીવાસ્તિકાયથી અન્ય એવા જે બધા પુદ્ગલદ્રવ્યના ભાવો તે ખરેખર અમારા નથી' – આમ જે તત્ત્વવેદી સ્પષ્ટપણે કહે છે (જાણે છે) તે અતિ અપૂર્વ સિદ્ધિને પામે છે [ શ્રી નિયમસાર ]


* અહીં કોઈ જાણશે કે શુભ-અશુભ ક્રિયારૂપ જે આચરણરૂપ ચારિત્ર છે તે કરવાયોગ્ય નથી તેમ વર્જવાયોગ્ય પણ નથી. ઉત્તર આમ છે કે-વર્જવાયોગ્ય છે, કારણકે વ્યવહારચારિત્ર હોતું થકું દુષ્ટ છે, અનિષ્ટ છે, ઘાતક છે; તેથી વિષય-કષાયની માફક ક્રિયારૂપ ચારિત્ર નિષિધ્ય છે.

[ શ્રી સમયસાર – કળશ ટીકા ]

* હે અસંતોષી આત્મા! સર્વ જગતની માયાને અંગીકાર કરવાની અભિલાષારૂપ પરિણામથી તો તેં આ જગતમાં કંઈ પણ છોડયું નથી. તારાથી જે કંઈ બચવા પામ્યું હોય તે તો તારી ભોગ કરવાની અશક્તિથી જ. જેમ રાહુથી ગળાતાં ચંદ્ર સૂર્ય જો બચવા પામ્યા હોય તો તે માત્ર રાહુની અશક્તિથી જ.

[ આત્માનુશાસન ]

* ધર્મ તો એ જ છે કે જ્યાં અધર્મનો લેશ નથી, સુખ તો એ જ છે કે જ્યાં દુઃખનો અંશ નથી, જ્ઞાન તો એ જ કહી શકાય કે જેમાં અજ્ઞાનની કણીકા નથી અને વાસ્તવ્ય ગતિ તો એ જ છે કે જ્યાંથી ફરી આગતિ (આવાગમન) નથી. [ આત્માનુશાસન ]



"આત્મા અને રાગના ભેદજ્ઞાનનું સાધન શું?"–એ અપૂર્વ વાત પૂજ્ય ગુરુદેવશ્રીના શ્રીમુખેથી એકાગ્રપણે સાંભળી રહેલા શેઠ શ્રી શાહૂ શાંતિપ્રસાદજી, શ્રી સુકુમારજી, સન્માનનીય મહેમાનો તથા શ્રોતાજનો.

પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર) પીન : ૩૬૪ ૨૫૦
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ (સૌરાષ્ટ્ર) પ્રત : ૩૪૦૦